વિવેક અને વૈરાગ્ય



પ. પૂ. સંત શ્રી આશારામજી બાપુ

* पाँच बार अवश्य पढ़ें !

વિવેક અને વૈરાગ્ય

Vivek Ane Vairagya

[BY : SANT SHRI ASHARAMJI BAPU]

પરમ શ્રદ્ધેય પૂજ્યપાદ

સંત શ્રી આશારામજી બાપુ

❁ પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન ❁

શ્રી યોગ વેદાન્ત સેવા સમિતિ

સંત શ્રી આશારામ આશ્રમ

મોટેરા રોડ • સાબરમતી • અમદાવાદ–૩૮૦ ૦૦૫

પ્રથમ આવૃત્તિ : ૧૪ જાન્યુઆરી, ૧૯૮૩] [મૂલ્ય : રૂા. ૧–૫૦

ઉત્તરાયણ મહોત્સવ

મુદ્રક : શ્રી રામાનંદ પ્રિન્ટિંગ પ્રેસ, કાંકરિયા રોડ, અમદાવાદ–૨૨

* નિવેદન *

જીવનમાં ઘણું વાંચ્યું હોય, ઘણું સાંભળ્યું હોય, ઘણું સંભળાવવાની ક્ષમતા પણ હોય, ઘણું ભોગવ્યું હોય, ઘણા ભોગ પ્રાપ્ત પણ હોય, ઘણા લોકો આપણને જાણતા હોય, ઘણા સત્તાઓ આપણી પાસે હોય છતાં પણ સત્ય–અસત્યનો વિવેક નહિ હોય, આત્માની અવિનાશીતા ને જગતની નશ્વરતાનો વિવેક નહિ હોય, આત્માની શાશ્વતતા ને શરીરના સંબંધો તથા ભોગોની નશ્વરતાનો વિવેક નહિ હોય તો છેવટે બધું ધૂળધાણી. જેના જીવનમાં વિવેક અને વૈરાગ્ય નથી એનું જીવન ખરેખર દયાજનક છે લૌકિક વિવેક અને સામાજિક વિવેક ઘણા લોકોને હોઈ શકે. અહીં તો જગત અને જગદીશ્વર વચ્ચે, નશ્વર અને શાશ્વત વચ્ચેનો વિવેક કરવાનો છે.

તમારું સ્વરૂપ શાશ્વત છે અને તમારું શરીર નશ્વર છે, જગત વિનાશી છે અને આત્મા અવિનાશી છે. એ વિવેક જેના જીવનમાં જાગૃત થાય, વૈરાગ્યનો દીવડો પ્રગટે તેને આ જીવનમાં જ સાક્ષાત્કારનો અનુભવ થાય છે, પરમાત્મપ્રાપ્તિ થાય છે પછી તો પોતાનું કલ્યાણ, પોતાના કુળનું કલ્યાણ, પોતાના દેશ, રાષ્ટ્ર અને સમગ્ર વિશ્વનું કલ્યાણ એ સદ્ભાગી દ્વારા જાણે અજાણે થતું હોય છે.

આ પુસ્તકમાં બતાવેલા પ્રયોગો ફક્ત વાંચી જઈએ નહિ પણ એકાંત અરણ્યમાં, પવિત્ર નદીના કાંઠે કે ઘરની આગાશી પર આ ઋષિપ્રસાદીનું ચિંતન, મનન અને નિદિધ્યાસન કરીએ.

આટલું આ વેળા

૧. વિવેક અને વૈરાગ્ય	૧
૨. આત્મયોગ	૭
૩. યમ–કિંકર સંવાદ	૩૧
૪. જ્ઞાનયોગના તણખા	૪૭
૫. કર સત્સંગ અભીસે....	૪૯
૬. કોઈ કોઈ જાને રે....	૫૦

* विशेष साधकों के लिए —

☆ વિવેક અને વૈરાગ્ય

આ મનુષ્યજન્મ અતિ મૂલ્યવાન છે. એને ઇન્દ્રિય-ભોગો પાછળ વેડફી નાખવો એ અક્ષમ્ય નાદાની છે. એક વખતના વિશાળ સામ્રાજ્યના સમ્રાટ અને પછીથી મસ્ત ફકીર બનેલા ભર્તૃહરિ નીતિશતકમાં કહે છે :

स्थाल्यां वैदूर्यमय्यां पचति च लसुनं चंदनैरिन्धनाद्यैः
सौवर्णैर्लांगुलाग्रैः विलिखति वसुधामर्कमूलस्य हेतोः ।
छित्त्वा कर्पूरखण्डान् वृत्तिमिह कुरुते कोद्रवाणां समन्तात्
प्राप्येमां कर्मभूमिः चरति न मनुजो यस्तपो मंदभाग्य : ॥

આ કર્મભૂમિ (માનવદેહ)ને પ્રાપ્ત કરીને જે મંદભાગી મનુષ્ય તપશ્ચર્યા નથી આચરતો તે ચંદનનાં ઇંધણાં સળગાવીને વૈદૂર્યમણિના બનાવેલા પાત્રમાં લસણ પકાવે છે, આકડાનું મૂળ શોધવા માટે સોનાની કોશવાળા હળથી ધરતી ખેડે છે, કપૂરના ટુકડા કાપીને કોદરાની આસપાસ રક્ષણ માટે વાડ બનાવે છે. અર્થાત્ એ મૂર્ખ મનુષ્ય પોતાના અણમોલ માનવજીવનને વ્યર્થ ચીજો પાછળ વેડફી રહ્યા છે, ઇન્દ્રિયભોગો પાછળ આત્મદેવની અવહેલના કરી રહ્યા છે.

ઇન્દ્રિયભોગો તો પશુપક્ષીની યોનિઓમાં પણ મળે છે પરંતુ એમાં મનુષ્યજન્મની સાર્થકતા નથી. મનુષ્યને મળેલા ઉત્તમ મન, બુદ્ધિનો ખરો ઉપયોગ પોતાના જીવનના અંતસ્તલમાં ડોકિયું કરી વિવેક, વિચાર અને સાધનાના બળે પોતાનું મૂળ દિવ્ય સ્વરૂપ, આત્મસ્વરૂપ ઓળખી લેવામાં છે. જન્મવું, રમવું, ભણવું, ગણવું, નોકરી ધંધા કરવા, પરણવું, સંતાનોત્પત્તિ કરવી, સંતાનોને ભણાવવાં ને

પરણાવવાં ને છેલ્લે મૃત્યુના પંજાના શિકાર થઈ જવું– આટલામાં જ મોટા ભાગના મનુષ્યોનું જીવન સમાપ્ત થઈ જાય છે. જીવનમાં કોઈ ઊંડાણ નથી. પગતળે આત્માનંદનો ખજાનો વણ ખોદાયલો, વણશોધાયલો દટાઈ રહ્યો છે. તેના તરફ કોઈનું ધ્યાન જ જતું નથી.

અત્યારના ધર્મમાં પણ એ અનુપમ ખજાના તરફ લઈ જવાની ક્ષમતા નથી, માનવને અંતર્મુખ બનાવવાની યોગ્યતા નથી. આમાં દોષ ધર્મનો કે તેનાં શાસ્ત્રોનો નથી પરંતુ ધર્મને સહારે પોતાની આજીવિકા રળીને જીવન પૂરું કરી નાખનાર બિચારા ધર્મના ઠેકેદારોનો, પંડિતોનો અને પૂજારીઓનો છે. એમણે પોતે ધર્મનાં રહસ્યોને જાણ્યાં હોતાં નથી, પોતાના આંતર જગતમાં પ્રવેશ કર્યો હોતો નથી. પરિણામે એમના સમાગમથી લોકો એમ જ સમજે કે ઉપર વર્ણવ્યું તેવું જીવન જીવવું અને ફુરસદ મળે ત્યારે પ્રભુનું સ્મરણ કરવું, જેથી લોકો કહે કે અમુક માણસ ધાર્મિક છે.

જે ખરો જિજ્ઞાસુ હોય છે તે ધર્મના આવા છીછરા રૂપમાં અટકી જતો નથી. પોતાને ધાર્મિક કહેવડાવવામાં સંતોષ માની બેસતો નથી. તેના હૃદયમાં એક જ તાલાવેલી લાગે છે કે ઇશ્વરનાં દર્શન કેમ કરીને પામું, શાશ્વત સુખ અને શાંતિનો અનુભવ કેમ કરીને મેળવું. તેના મનમાં ચટપટી લાગે છે કે શાસ્ત્રોમાં આવતાં રહસ્યોનો જીવંત પ્રત્યક્ષ અનુભવ મને ક્યારે થાય ? યોગ અને વેદાંતના પ્રકાશથી મારા અંધકારભર્યા જીવનમાં ક્યારે ઝગમગાટ થાય ? હું ક્યારે બધાં સુખદુઃખથી પાર થઈ જાઉં ? ક્યારે પરમ નિર્ભય

અને સંપૂર્ણ નિશ્ચિંત બનીને આ વિશ્વરૂપી ઉદ્યાનમાં આનંદમય થઈને જીવું ? આ તેના હૃદયની આગ હોય છે. પોતાની નજર સમક્ષ તરવરતા એ પરમ લક્ષ્યને સિદ્ધ કરવા માટે સાચો જિજ્ઞાસુ સતત જાગૃત અને પ્રયત્નશીલ રહે છે.

સાચા જિજ્ઞાસુને બરાબર ખબર હોય છે કે સંસારના બધા પદાર્થો નશ્વર છે, અંતે છેહ દેવાવાળા છે. આજ સુધી મેં જે કંઈ જાણ્યું છે ને મેળવ્યું છે, હવે પછી જે કંઈ જાણીશ ને મેળવીશ એ બધું જ મૃત્યુના એક જ ઝાટકાથી છૂટી જશે. આજે જે મિત્ર છે તે કાલે શત્રુ પણ બની શકે છે. આજે દેખાતી બધી અનુકૂળતાઓ ભવિષ્યમાં પ્રતિકૂળતાઓમાં બદલાઈ શકે છે. તે પોતાની આંખ આગળ બનતા દુનિયાના તમામ બનાવોને જોતો રહે છે.ક શું જ બોલ્યા વગર મનોમન તેમાંથી સાર તારવતો રહે છે. પોતાને થતા જગતના સારા માઠા અનુભવોની દરકાર ન કરતાં પોતાના પરમ લક્ષ્ય આત્મશાંતિ તરફ દૃષ્ટિ રાખી, સંસારમાં વૈરાગ્ય કેળવી વિવેક સહિત આગળ ને આગળ વધતો રહે છે. પ્રતિકૂળ ઘટનાઓથી તે ગભરાતો નથી. તે જાણે છે કે પ્રકૃતિનો એ સ્વભાવ છે. એમાં કશું નવું નથી બનતું. તે પોતે પોતાના મન અને ઇન્દ્રિયો ઉપર કાબૂ મેળવતો જાય છે અને આનંદ કરે છે. આ આનંદ બીજા ન સમજે એવો હોય છે. અનુભવીઓ તેની આ વાત સમજે છે. જેમ વૈદ્ય–ડૉક્ટરો સમજે કે કઈ દવા કયા રોગને મટાડે છે ને તેથી કેવું સુખ થાય છે તેમ.

એકલી પાઠ પૂજા, દેવદર્શન, નહાવું–ધોવું, સંધ્યા કરવી, માળા ફેરવવી વગેરેથી ધર્મની સમાપ્તિ થતી નથી. શરૂઆતમાં એ બધાંની જરૂર હોય છે, પણ જ્યાં સુધી હૃદયમાં સાક્ષાત્કારની પરમ શાંતિ ન અનુભવાય ત્યાં સુધી સતત

પ્રયત્નશીલ રહેવાનું છે. 'હું કોણ છું? પૂજાપાઠ કરનારું કોણ છે? આત્મા અને પરમાત્મા વચ્ચે કેટલું છેટું છે? ઈશ્વરદર્શન અને આત્મસાક્ષાત્કાર વચ્ચે શો તફાવત છે? પુસ્તકિયા જ્ઞાન, પંડિતોના જ્ઞાન અને પરમહંસોના અનુભવમાં શો ફેર છે?' આ પ્રશ્નો એકાંતમાં બેસીને ઊંડાણપૂર્વક વિચારવાના છે. પરમહંસોના મુખારવિંદેથી આ બાબતમાં જે કંઈ સાંભળ્યું હોય તે વારંવાર વિચારવાનું છે. ભગવાન શ્રીકૃષ્ણ ડગલે ને પગલે જે જ્ઞાનની પ્રશંસા કરે છે, ભગવદ્‌ગીતાના બારમા અધ્યાયમાં જગદીશ્વર જે ભક્તિયોગનું નિરૂપણ કરે છે તે પરમ અવસ્થા પ્રાપ્ત કરવાની છે. યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે:

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी॥

'જે પુરુષ સર્વ પ્રાણીઓમાં દ્વેષભાવથી રહિત, સ્વાર્થ રહિત સર્વનો પ્રેમી અને હેતુ રહિત દયાળુ છે, મમતા રહિત છે, અહંકાર રહિત છે, સુખદુઃખમાં સમતાવાળો અને ક્ષમાવાન છે એ મારો ભક્ત મને પ્રિય છે.' (ભગવદ્‌ગીતા : ૧૨.૧૩)

હમણાં તો નાસ્તિકવાદનું જોર વધારે છે. પુષ્કળ શક્તિનો દુરુપયોગ થઇ રહ્યો છે. સાચી વાત સાંભળવાની પણ લોકોને ફુરસદ નથીં, તેમ જ કયા માણુસ પાસે જવાથી સાચો રસ્તો મળશે એની પણ ગમ નથી. બહારથી લોકો વાતો બનાવીને કહે છે પણ અંદરથી પોલંપોલ નીકળે છે. ધર્મ એ વર્તવાની વસ્તુ છે, આચરણમાં ઉતારવાની વસ્તુ છે; એકલો બોલી જવાની કે ભાષણ કરી જવાની વસ્તુ નથી. માણસ આખી ગીતા અર્થ સાથે કંઠસ્થ બોલી જાય અને વર્તનમાં મીંડું નીકળે. આ બધાનો અર્થ એટલો જ થયો કે,

જો પ્રભુ તરફ જવું જ હોય, તો પહેલાં સુંદર ચારિત્ર્ય બનાવવું. પછી એવાં પુસ્તકોનો અભ્યાસ કરવો. આપણી ઇચ્છા પ્રમાણે ન થાય તો દુઃખ ન લાગવું જોઈએ, પણ હમેશાં પ્રયત્નશીલ રહેવું. આખા દિવસમાં કેટલાં શુભ અને કેટલાં અશુભ કર્મો કર્યાં તેનો રાતના સૂતાં પહેલાં વિચાર કરવો. અશુભ કર્મો કર્યાં હોય તેમાંથી બીજે દિવસે એક પણ અશુભ કર્મ નહિ કરું એવો સંકલ્પ કરવો. દાખલા તરીકે, ક્રોધ થયો તો રાતના સૂતાં પહેલાં વિચાર કરવો કે મારે આવતી કાલે ક્રોધ કરવો જ નથી. બીજે દિવસે સવારે પાછો સંકલ્પ કરીએ કે, આજે મારે ક્રોધ કરવો જ નથી. એવો જો દૃઢ સંકલ્પ કર્યો હોય તો ક્રોધનો પ્રસંગ પ્રાપ્ત થવા છતાં ક્રોધ જરૂર અટકી જશે. આથી આપણી ત્રુટિઓ નીકળતી જશે અને હૃદય શુદ્ધ થતું જશે. પછી શુભ કર્મો કર્યાં હોય તેનો વિચાર કરીએ. દાખલા તરીકે કોઈને મદદરૂપે બે પાંચ રૂપિયા આપ્યા એ થયું શુભ કર્મ, પણ તેમાં અહંકાર આવવાનો સંભવ છે. માટે વિચારીએ કે એ શુભ કરનાર હું કોણ માત્ર? મારાથી તો પાંદડું પણ હાલતું નથી, માટે જેની શક્તિથી આ શુભ કર્મ થયું તેને આ બધું માન ઘટે છે. આમ કરવાથી અહંકાર નિવૃત્ત થાય છે. જ્યાં આ વૃત્તિ થાય, ત્યાં અંતઃકરણ એકદમ નિર્મળ થઇ જાય છે અને પ્રભુ તરફનો પ્રેમ એકદમ વધતો જાય છે.

મનુષ્યજન્મ થવાનું ધ્યેય તો પ્રભુપ્રાપ્તિ કરી લેવાનું છે. સંસારના ભોગ-વૈભવો છોડીને જો પ્રભુ તરફ જવાની વૃત્તિ થાય તો સમજજો કે, એ તમારા પૂર્વના શુભ સંસ્કારોનું ફળ છે.

શ્રીમદ્ આદ્યશંકરાચાર્ય જણાવે છે:

दुर्लभं त्रयमेवैतद्देवानुग्रहहेतुकम् ।
मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुषसंश्रयः ॥

આ સંસારમાં ત્રણ વસ્તુ દુર્લભ છે: (૧) મનુષ્યજન્મ, (૨) મુક્તિની ઇચ્છા અને (૩) મહાત્મા પુરુષોનો સમાગમ. પૈસાટકા, ઘરબાર, સંતાન, સગાંસંબંધી, મિત્ર વગેરે તો મળે, પણ પ્રભુ તરફ જવાની-તેને પ્રાપ્ત કરવાની પ્રબળ ઇચ્છા થવી એ મહાભાગ્યની વાત છે.

કોઇ પણ મનુષ્ય સ્વભાવે પૂર્ણ નથી અને શારીરિક કે માનસિક દૃષ્ટિએ પણ પૂર્ણ નથી હોતો. કેવળ આત્મા જ પૂર્ણ છે. એટલે દરેક મનુષ્યજીવ તેના જીવનમાં ભૂલ ને ગફલત કરે, એ જીવનો સ્વભાવ છે. એવી આપણી સમજણ હોય તો ઘણો વિક્ષેપ, ઘણી અશાંતિ દૂર થાય છે. એવી દૃષ્ટિ રાખવાથી મનુષ્યમાં ક્ષમા-ગુણ આવી જાય છે. આપણે પોતે વ્યવહારમાં કેટલી ભૂલો કરીએ છીએ અને કરીશું એ પ્રત્યક્ષ અનુભવની વાત છે એ ધ્યાનમાં રાખવું. મનુષ્ય પોતાના સદ્દગુણોને ઓછા આંકે અને દુર્ગુણોને મોટું રૂપ આપે તથા બીજાઓના સદ્દગુણોની મોટી કિંમત આંકી એના દુર્ગુણ તરફ દુર્લક્ષ રહે તો બહુ શાંતિ રહેશે.

શ્રીમદ્ આદ્ય શંકરાચાર્યજી કહે છે કે:

मा कुरु जनधनयौवनगर्वं हरति निमेषात् कालः सर्वम् ।
मायामयमिदमखिलं हित्वा ब्रह्मपदं त्वं प्रविश विदित्वा ॥

માણસે ત્રણ ચીજનો ગર્વ કરવો નહિ: (૧) જન, (૨) ધન, અને (૩) યૌવન. કારણ એ ત્રણે આંખ મીંચવાની સાથે ચાલ્યાં જાય એવાં છે એમ સમજ. માયાથી બધા હણાયેલા હોવાથી બ્રહ્મના સ્વરૂપને ઓળખી તેમાં તું પ્રવેશ કર.

આ વાત બરાબર સમજાય તો મનુષ્યજન્મની સફળતા છે.

એટલું તો ચોક્કસ છે કે, આ સંસારમાં મનુષ્યદેહ મળવો મુશ્કેલ છે અને તે મળે તો સંત-સમાગમ મળવો મુશ્કેલ છે. મનુષ્યદેહ મળે છે ત્યારે પુરુષાર્થ કરી આ દેહે જ મુક્તિ મેળવવી એ શ્રેષ્ઠ છે. એને માટે પ્રભુનું વારંવાર રટણ કરવું અને સાથે સાથે એ વિચાર કરવો કે 'હું તે કોણ?' વિચાર કરતાં હૃદયમાં સ્ફુરણ થશે કે 'હું નિરંજન, નિરાકાર, નિર્વિકલ્પ, નિર્વિકાર, સત્, ચૈતન્ય, આનંદ, નિર્ભય, જન્મમરણરહિત વગેરે છું. તે પરમાત્મા તે હું જ છું" એમ વિચારી હૃદયમાં દૃઢ નિશ્ચય કરી લેવો. એમાં જ મનુષ્યજન્મની સાર્થકતા છે.

☆ આત્મયોગ

विश्वं स्फुरति यत्रेदं तरंगा इव सागरे ।
तत्त्वमेव न संदेहश्चिन्मूर्ते विज्वरो भव ।
श्रद्धत्स्व तात श्रद्धत्स्व नात्र मोहं कुरुष्व भोः ।
ज्ञानस्वरुपो भगवानात्मा त्वं प्रकृतेः परः ॥

જ્યાં આ સમગ્ર વિશ્વ સાગરમાં તરંગોની જેમ સ્ફુરિત થાય છે તે તું જ છે. એમાં કોઈ સંદેહ નથી. હે ચૈતન્યસ્વરૂપ! તું સંતાપ રહિત થા. હે પ્રિય! હે સૌમ્ય! શ્રદ્ધા કર, શ્રદ્ધા કર. સંસારમાં મોહ ન કર. તું જ્ઞાનસ્વરૂપ ઇશ્વર, પરમાત્મા, પ્રકૃતિથી પર છે.

જો તમે શરીરમાં અહંબુદ્ધિ કરશો તો તમારામાં ભય વ્યાપી જ જશે. કેમકે શરીરનું મૃત્યુ અનિવાર્ય છે. તેનું પરિવર્તન અવશ્ય થવાનું જ છે. ખુદ બ્રહ્માજી પણ એને રોકી

શકતા નથી. એકવાર જો તમે આત્મ સ્વરૂપને જાણી લો, આત્મ સ્વરૂપમાં તમારી નિષ્ઠા થઈ જાય તો તમે પૂર્ણપણે નિર્ભય છો. કેમકે સ્વરૂપનું કદી મૃત્યુ થતું નથી. એનાથી મોત પણ ડરે છે.

સુખનું દૃશ્ય આવશે અને જશે તેમ જ દુઃખનું દૃશ્ય પણ આવશે અને જશે. પડદાને શું ? કેટલીય ફિલ્મો અને એનાં દૃશ્યો આવ્યાં અને ચાલ્યાં ગયાં. પડદો ત્યાં જ પોતાના મહિમામાં અચલ સ્થિત છે. તમે પણ છાતી ઠોકીને કહો: 'અનુકૂળતા કે પ્રતિકૂળતા, સુખ કે દુઃખ જેને આવવું હોય તે આવે અને જવું હોય તે જાય. મને તેથી શું...?' કોઈ પણ દૃશ્યને સાચું ન માનો. તમે દૃષ્ટા બનીને જોતા રહો....પોતાના મહિમામાં મસ્ત રહો....કેવળ સાક્ષી....નિર્લેપ...!

બહાર ભલે ગમે તેવી ઘટના બની હોય, ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિ જણાતી હોય પરંતુ તમારે એથી ખિન્ન થવાની બિલકુલ જરૂર નથી. કેમકે આખરે એ તમારા લાભ માટે જ છે. તમે જો તમારા મહિમાવંત આત્મ સ્વરૂપમાં મસ્ત રહો તો તમને મળેલો શાપ પણ વરદાનનું કામ કરશે. ઉર્વશીએ અર્જુનને એક વર્ષ સુધી નપુંસક રહેવાનો શાપ આપ્યો હતો. પરંતુ અજ્ઞાત વાસના સમયે એ શાપ પણ અર્જુનને વરદાનરૂપ બની ગયો.

પ્રતિકૂળતાથી ડરો નહિ. સદાય શાંત અને નિર્ભય રહો. ભયાનક દૃશ્ય, દ્વૈત કેવળ સ્વપ્ન માત્ર છે, ડરો નહિ.

ચિંતા, ભય, શોક, વ્યગ્રતા અને વ્યથાને દૂર ફેંકી દો. તેમના તરફ બિલકુલ ધ્યાન ન આપો. નિશ્ચિંત થઈ જાઓ.

બધી જ શક્તિ નિર્ભયતામાંથી પ્રગટે છે. માટે બિલકુલ નિર્ભય થઈ જાઓ. પછી કોઇ તમારું કશું જ બગાડી નહિ શકે.

દેહાધ્યાસ છોડવો એ સાધનાનું પરમ શિખર છે. તમારે એ સર્વોત્તમ શિખરે પહોંચવાનું છે. મોત આવતાં પહેલાં દેહની મમતાને વિદાય આપવી પડશે, મોહનાં નદી નાળાં પાર કરવાં પડશે, નહિ તો વિકાર અને કર્મબંધન તમારો પીછો નહિ છોડે. તમારી અંદર પ્રભુના ગીતનું ગુંજન નહિ થઈ શકે. બ્રહ્મસાક્ષાત્કાર નહિ થઈ શકે. જ્યાં સુધી તમે પોતાને હાડ-માંસ-ચામડાંનો દેહ માનતા રહેશો ત્યાં સુધી દુર્ભાગ્ય તમારો પીછો નહિ છોડે. સૌથી મોટું દુર્ભાગ્ય છે જન્મ-મરણનું ચક્ર.

આજ સુધી તમે જે કમાયા છો, જે જાણ્યું છે, આજ પછી જે કમાશો અને જાણશો એ બધું જ એક દિવસ છોડીને તમે ચાલ્યા જશો. મૃત્યુના એક જ ઝાટકાથી બધું સમાપ્ત થઈ જશે અને પશ્ચાત્તાપ હાથ લાગશે. માટે આવું થાય એ પહેલાં મોહ-મમતારૂપી પાશને વિવેક-વિચારરૂપી તલવાર વડે સતત કાપતા રહેજો. બહારનાં સગાં-સંબંધીઓને, મિત્રોને મળજો પણ અંદરથી સમજજો કે : 'નથી કોઈ મિત્ર, નથી કોઈ સગું-સંબંધી એકવાર એ બધાંનો સાથ છૂટી જશે. મારો પ્રિય મિત્ર તો એ છે કે આખર સુધી, આ શરીરના મોત પછી પણ જે સાથ ન છોડે.

મનમાં ભય, અશાંતિ, ઉદ્વેગ અને વિષાદને સ્થાન ન આપો. સદાય શાંત, નિર્ભય અને પ્રસન્ન રહેવાનો અભ્યાસ કરો. પોતાના મહિમામાં જાગો. નકામા શા માટે દીન થાઓ છો ?

દીનતા-હીનતા પાપ છે. તમે મોતને પણ નિર્ભયતાપૂર્વક કહી દો: 'એ મોત ! તું મારું શરીર લઈ શકે છે પરંતુ મને કશું જ નહિ કરી શકે. તું મને શું ડરાવવાનું હતું ? એ

દુનિયાના રંગરાગ ! હે સંસારનાં પ્રલોભનો ! તમે મને હવે શું ફસાવવાનાં હતાં ! તમારી પોલ મેં જાણી લીધી છે. હે દુનિયાના રીત રિવાજો, સુખ-દુઃખો ! તમે હવે મને શું નચાવવાના હતા ! હું હવે લાખ કાંટાઓ ઉપર નિર્ભયતા-પૂર્વક કદમ મૂકીશ. હજારો લાખો ઉત્થાન અને પતનમાં પણ હું જ્ઞાનની દૃષ્ટિએ જોઈશ. મને આત્માને વળી ભય કેવો ? અત્યાર સુધીમાં મારું કશું જ બગડ્યું નથી ને હવે પછી બગાડવાનું પણ નથી. શાબાશ....! શાબાશ...!! શાબાશ...!!!

કુટુંબના મોહ અને આસક્તિથી પોતાને દૂર રાખો. મનમાં દૃઢ સંકલ્પ કરીને સાધનાના માર્ગે આગળ વધો કે મારું આ દુર્લભ શરીર નથી સ્ત્રી-બાળકો માટે, નથી મકાન દુકાન માટે કે નથી અન્ય કોઇ તુચ્છ ચીજોના સંગ્રહ માટે. આ અમૂલ્ય માનવ શરીર તો છે આત્મસાક્ષાત્કાર કરવા માટે. મજાલ છે કે અન્ય લોકો મારો સમય અને સામર્થ્ય ચૂસી લે અને હું મારા પરમ લક્ષ્ય આત્મ-સાક્ષાત્કારથી વંચિત રહી જાઉં ?

બહારનાં સગાઈ-સંબંધોને, બહારના બધા સાંસારિક વ્યવહારને એટલું જ મહત્ત્વ આપો કે જ્યાં સુધી તે સાધના માર્ગમાં વિઘ્ન ન બને. સાધના એ મારું મુખ્ય કર્તવ્ય છે, બાકીનાં બધાં કાર્યો ગૌણ છે, એ દૃઢ ભાવના સાથે પોતાના માર્ગે આગળ વધતા રહો.

કોઈ પણ અનુકૂળતાની આશા ન રાખો. તુચ્છ સાંસારિક વિષયોની માગણી ન કરો કોઇ પણ વિષયની માગણી તમને દીન બનાવી દેશે. વિષયોની દીનતાવાળાને પરમાત્મા નથી મળતા. 'नायमात्मा बलहीनेन लभ्य : !' માટે ઇશ્વરની પૂજા કરવી હોય તો ઇશ્વર બનીને કરો. 'देवो भुत्वा देवं यजेत् !'

ઇશ્વર જેમ નિર્વાસનિક છે, નિર્ભય છે, આનંદ સ્વરૂપ છે તેમ તમે પણ નિર્વાસનિક અને નિર્ભય થઈને આનંદમાં રહો. આ જ ઇશ્વરની પૂજા છે.

પોતાના મહિમાથી અજાણ છો તેથી તમે ગમે તેનાથી પ્રભાવત થઇ જાઓ છો. ક્યારેક મશ્કરાઓથી, ક્યારેક વિદ્વાનોના વક્તૃત્વથી, ક્યારેક જાદુગરોના ખેલથી, ક્યારેક સ્ત્રીઓનાં ચેનચાળાંથી, ક્યારેક પુરુષોનાં કટાક્ષ-બાણોથી અને ક્યારેક થીયેટરોમાં પ્લાસ્ટીકની પટ્ટીઓથી-સિનેમાઓથી પ્રભાવિત થઇ જાઓ છો. કારણ ? તમને તમારા સ્વરૂપના ગૌરવનો ખ્યાલ નથી. તમારું વાસ્તવિક સ્વરૂપ એવું છે કે એમાં લાખો લાખો વિદ્વાનો પહેલવાનો, જાદુગરો, ભવિષ્ય-વક્તાઓ સ્થિત છે. તમારા સ્વરૂપથી બહાર કંઈ નથી. તમે બહારની કોઇ પણ વ્યક્તિ કે પરિસ્થિતિથી પ્રભાવિત થઈ રહ્યા હો તો સમજી લો કે તમે માલિક હોવા છતાં ગુલામ થઈ રહ્યા છો. ખેલાડી પોતાના જ ખેલમાં અટવાઈ રહ્યો છે. તમાશાને જોનારો ખુદ તમાશો બની રહ્યો છે. હા, પ્રભાવિત થવાનું નાટક ભજવી શકો ખરા, પરંતુ જો ખરેખર પ્રભાવિત થતા હો તો સમજો કે હજી અજ્ઞાન ચાલુ છે. તમે પોતાના સ્વરૂપમાં જાગ્યા નથી.

મનને ઉદાસ ન કરો. સદાય પ્રસન્નમુખ રહો. તમે આનંદસ્વરૂપ છો. વિષાદથી મુખ મલિન ન કરો. ભય, શોક, ચિન્તા વગેરેએ તમારા માટે જન્મ જ નથી લીધો એવી દૃઢ નિષ્ઠાથી સદા પોતાના મૂળ સ્વભાવમાં રહો.

આખું વિશ્વ તમારું સર્જન છે. મહાપુરુષોનો અનુભવ આ હકીકતને પુષ્ટ કરે છે, છતાં તમે ગભરાઓ છો ? પોતાની જ રચનાથી ભયભીત થાઓ છો ? તમામ પ્રકારના ભયોને

દૂર ફેંકી દો. કોઇ પણ ભય-શોક-ચિંતાને નજીક ફરકવા ન દો. તમે તમારા ભાગ્યના વિધાતા છો. તમે ખુદ પરમેશ્વર છો. પોતાના એ ઈશ્વરત્વનો અનુભવ કરો.

પોતાના ઐશ્વર્યનો અનુભવ કરો, પોતાને પરમેશ્વર જાણી લો, પછી કોઈ તમને નુકશાન નહિ પહોંચાડી શકે. બધાં જ દેવી દેવતાઓ તમારી તુલનામાં, તમારા આત્મ સ્વરૂપની તુલનામાં નાનકડા બટુકડા છે. તમે તમારા વિચારોથી એમને મોટા માની લો છો એટલે તેઓ મોટા બની જાય છે. નહિ તો, રામ રહીમ બધા તમારા બંદા (સેવક) છે. તમારા આત્માથી મોટું કોઈ નથી.

જયાં સુધી તમે અંદરથી ભયભીત નથી થતા ત્યાં સુધી બહારની કોઇ પરિસ્થિતિ કે ધમકી તમને ભયભીત નથી કરી શકતી. બહારની કોઇ પણ પરિસ્થિતિમાં એટલું બળ કયાંથી કે જે તમને, સર્વના નિયંતાને, સર્વના સ્રષ્ટાને, સર્વના શાસકને ક્ષણવાર માટે પણ ડગમગાવી શકે ? કોઇ પરિસ્થિતિથી ડરવું એ પોતાના જ પડછાયાથી ડરવા બરાબર છે. हमने रची ये रचना सारी ।

સંસાર નથી ઉત્પન્ન થયો કે નથી થવાનો, એ દઢ નિશ્ચય રાખો. પોતાને હીન સમજવો અને પરિસ્થિતિઓ સામે નમી પડવું એ આત્મહનન કરવા જેવું છે. તમારી અંદર ઇશ્વરીય શક્તિ છે. એ શક્તિ વડે તમે સર્વ કંઈ કરી શકવા સમર્થ છો. પરિસ્થિતિઓને બદલવી તમારા હાથમાં છે.

તમે હીન નથી. તમે સર્વ કંઇ છો. પૂજ્ય ભગવાન છો. ઈશ્વરનું અનંત સામર્થ્ય તમારી સહાયતા કરવા પ્રસ્તુત છે. તમે વિચાર કરો. વિવેક કેળવીને હીનતાને, મિથ્યા સંસ્કારોને

મારી-ભગાડીને મહાન થઈ જાઓ............જગત મારો સંકલ્પ છે, એ સિવાય કંઈ નથી. એમાં રજમાત્ર સંદેહ નથી. સ્થાવર જંગમ જગતના આપણે પિતા છીએ. આપણે એના પૂજ્ય અને શ્રેષ્ઠ ગુરુ છીએ. આખો સંસાર મનુષ્યના આધારે છે અને મનુષ્ય એક વિશાળ વન છે. આત્મા બધાની અંદર વ્યાપ્ત છે.

સાકાર મિથ્યા છે. નિરાકાર સત્ય છે, આપણું શરીર અત્યારે સાકાર દેખાય છે. અત્યારના શરીરની સરખામણીમાં આપણું બાલ્યાવસ્થાનું શરીર ઘણું જ નાનું હતું. માતાના ગર્ભમાં આપણું શરીર એથી પણ નાનું હતું. જયારે માતાના ઉદરમાં ગર્ભાધાન થયું હતું તે ક્ષણોમાં આ શરીર અત્યંત સૂક્ષ્મ હતું. એ સૂક્ષ્મ શરીરનો પણ અતિ સૂક્ષ્મતાથી વિચાર કરીએ તો ખ્યાલ આવે છે કે માતાના ગર્ભમાં આવતાં પહેલાં જીવ અન્ય દેશમાં હતો અને નિરાકાર સ્વ-રૂપે જ આવીને માતાના ગર્ભમાં પ્રવેશ્યો હતો. પછી સાકાર થઇને ક્રમશઃ વિકસતાં આજના સ્થુળ રૂપે દેખાય છે. આ સ્થૂળ શરીરમાં નીર-ક્ષીર ન્યાયથી, આત્મા-અનાત્માનો વિવેક કેળવીને આપણા મૂળ આત્મ સ્વરૂપની ખોજ કરતાં આપણું નિરાકાર આનંદસ્વરૂપ જ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે સમગ્ર જગત મૂલત: નિરાકાર છે, ચૈતન્યમાત્ર છે. માટે આપ સહિત આખા જગતને એક શિવ સમજીને નિરંતર આનંદમાં રમમાણ રહો.

निर्द्वन्द्व रह निःशंक रह
निर्भय सदा निष्काम रे ।
चिंता कभी मत कीजिये
जो होय होने दीजिये ॥

જડ-ચેતન, સ્થાવર-જંગમ, સંપૂર્ણ ચરાચર જગત એક બ્રહ્મ છે. એ બ્રહ્મ હું છું. આથી બધું મારું જ સ્વરૂપ છે. એ સિવાય કશું જ નથી.

જે કંઇ તમે જુઓ છો એ બધું તમે જ છો. કોઈ શક્તિ એમાં હસ્તક્ષેપ નથી કરી શકતી. રાજા, દેવ, દાનવ, ગંધર્વ, કિન્નર કોઈ તમારી વિરુદ્ધ ઊભા નથી રહી શકતા.

તમારી શંકાઓ અને તમારો ભય જ તમારા જીવનને નષ્ટ કરે છે. ભય અને શંકાઓને હૃદયમાં જેટલું સ્થાન આપશો એટલા જ ઉન્નતિથી દૂર પડયા રહેશો.

સદા સમત્વમાં રહેવાની તપસ્યા આગળ બીજી બધી તપસ્યાઓ નાની બની જાય છે. સદા પ્રસન્ન રહેવાની કળા આગળ બીજી વધી કળાઓ નાની બની જાય છે. આત્મજ્ઞાન આગળ બીજાં બધાં જ્ઞાન નાનાં બની જાય છે.

તમારા આત્મસ્વરૂપના ભયથી પવન દોડે છે, મેઘ વર્ષા કરે છે, વીજળીઓ ચમકે છે, ચાંદ-તારા પ્રકાશે છે, સૂરજ રાત દિવસ બનાવે છે, ઋતુઓ સમયે સમયે રંગ બદલે છે. એ આત્માને છોડીને બીજાની સાથે કયાં સુધી દોસ્તી કરશો? પોતાના ઘરને છોડીને બીજાના ઘરમાં કયાં સુધી રહેશો? પોતાના પ્રિયતમને છોડીને બીજાઓને કયાં સુધી મળતા રહેશો?

નથી પ્રલય કે નથી ઉત્પત્તિ. નથી કોઇ સાધક કે નથી કોઈ સિદ્ધ. નથી કોઇ બદ્ધ કે નથી કોઈ મુક્ત. આ જ પરમાર્થ છે.

તમે સર્વત્ર મંગળમય જોવા લાગો. ચિત્ત પોતાની મેળે શાંત થઈ જશે.

જે કૃત્યથી ચિત્ત ખિન્ન બને એ કૃત્ય કદી ન કરો. જે વિચાર ચિંતા અને ભય પેદા કરે એ વિચારનો ત્યાગ કરો.

જો તમે સર્વાંગપૂર્ણ જીવનનો આનંદ લેવા ઈચ્છતા હો તો આવતી કાલની ચિંતા છોડો. તમારી આવતી કાલ અત્યંત આનંદમય હશે, એવો દઢ નિશ્ચય રાખો.

પોતાનાથી અન્ય કોઇ વસ્તુને નથી જાણતો તે બ્રહ્મ છે. પોતાના વિચારોનો વિસ્તાર આ જગત છે.

ખરેખર આ સંપૂર્ણ જગત તમારાથી અભિન્ન છે, માટે ડરો નહિ.

તમે સંસારને આત્મદષ્ટિથી જોવા માંડો. પછી જુઓ કે વિરોધ કયાં રહે છે? કલહ ઝગડા કયાં રહે છે? દ્વેષ કયાં રહે છે?

જેનું મન અંતર્મુખ થઈ જાય છે એ ચિત્તના થાકને ત્યાગીને આત્મવિશ્રાંતિનો સ્વાદ લે છે. તમે જેટલા સમાહિત ચિત્ત થતા જશો એટલું જગત તમારા પગ તળે આવતું જશે.

આજ સુધી તમે દેવી-દેવતાઓને પૂજતા આવ્યા છો, મંદિરો-મસ્જિદોમાં નાક રગડતા આવ્યા છો. હવે કોઈ જ્ઞાની મહાપુરુષ પાસેથી અંતર્મુખ થવાની કળા શીખીને અભ્યાસ કરશો તો એ દિવસ દૂર નહિ રહે કે જ્યારે દેવી દેવતાઓ તમારાં દર્શન કરવા આવશે.

બ્રાહ્મમુહૂર્તમાં (પ્રાતઃકાલે) સાધકોને જે પ્રેરણા થાય છે તે શુભ હોય છે. તમે જ્યારે કોઇ વ્યાવહારિક કોયડાઓમાં અટવાઈ જાઓ ત્યારે વિક્ષિપ્ત ચિત્તથી કોઇ નિર્ણય ન લો. સવારે વહેલા ઊઠો. સ્નાનાદિથી પરવારીને કોઈ પવિત્ર

સ્થાનમાં પૂર્વાભિમુખ થઇને બેસો. પછી જેમનામાં તમને શ્રદ્ધા હોય એ ઇસ્ટદેવ કે ગુરુદેવને નિષ્કપટ ભાવથી પ્રાર્થના કરો : 'હે પ્રભુ ! મને સન્માર્ગ બતાવો. મને સત્પ્રેરણા આપો. મારી બુદ્ધિ નિર્ણય લેવામાં અસમર્થ છે. આપ જ મારા પથપ્રદર્શક બનો.' નિર્દોષ ભાવે હૃદયના ઊંડાણ પૂર્વક કરવામાં આવેલી પ્રાર્થનાથી તમને ખરી પ્રેરણા મળી જશે.

શરીરનું મોત થવું એ કોઇ મોટી વાત નથી, પરંતુ શ્રદ્ધાનું મોત થયું તો સમજો કે સર્વનાશ થયો.

જો તમે ગુરુદેવના આદેશાનુસાર ૧૦ વર્ષ સુધી સાધના કરી હોય છતાં તમારી શ્રદ્ધા ડગી જાય તો તમે ત્યાં જ પહોંચી જશો કે જ્યાંથી ૧૦ વર્ષ પહેલાં તમે ચાલ્યા હતા.

તમે તમારી પોતાની જ કૃતિથી ગુરુદેવને અને પ્રભુને નજીક કે દૂર અનુભવો છો. તેઓ પોતે નથી કોઇને દૂર ધકેલતા કે નથી કોઇને પાસે લાવતા. તમારી શ્રદ્ધા અને તમારો વ્યવહાર જ તમને ગુરુદેવ અને પ્રભુથી દૂર કે નજીક હોવાનો ભાસ કરાવે છે. 'करणी आपो आपणी के नेडे के दूर ।'

સદ્ગુરુ જ તમારા સાચા મિત્ર છે. મિત્ર બનાવો તો એમને જ બનાવો, ભાઈ-માતા-પિતા બનાવો તો એમને જ બનાવો. ગુરુભક્તિ તમને જડતાથી ચૈતન્ય તરફ લઇ જશે. જગતના બીજા સંબંધો તમને સંસારમાં ફસાવશે, ભટકાવશે, દુ:ખોમાં પટકશે, સ્વરૂપથી દૂર લઈ જશે. સદ્ગુરુ તમને જડતાથી દુ:ખોથી, ચિંતાઓથી મુક્ત કરશે. તમને પોતાના સ્વરૂપમાં લઈ જશે.

ગુરુદેવ આગળ ફરિયાદ ન કરો. એમની આગળ સમર્પણ કરો. ફરિયાદથી તમે એમના લાભથી વંચિત રહી જશો.

એમનું હૃદય એવું નિર્મળ હોય છે કે તમે એમનામાં જેવી ભાવના કરશો તેવો જ લાભ થશે. તમે એમનામાં દોષદૃષ્ટિ કરશો તો દોષી થશો, ગુણગ્રાહક દૃષ્ટિ રાખશો તો એમના ગુણ તમારામાં આવશે અને એમને ત્રિગુણાતીત માનીને એમની આજ્ઞાનું પાલન કરવા તત્પર રહેશો તો તમે પણ એક દિવસ ત્રણેય ગુણોથી પાર થઈ જશો.

જે સમય ગુરુ-સેવન, ઈશ્વર-ભક્તિ અને સત્સંગમાં ગાળવો જોઈએ એ જો જડ પદાર્થો પાછળ ગાળશો તો તમે પણ જડ ભાવને પ્રાપ્ત થશો. તમે તમારાં સામર્થ્ય, શક્તિ, પૈસા અને સત્તા પોતાના મિત્રો, સંબંધીઓ પાછળ મોહવશ લગાડ્યાં તો યાદ રાખજો, ક્યારેક ને ક્યારેક તમે ઠોકર ખાશો, દુ:ખી થશો, તમારું પતન અવશ્ય થઈ જ જશે

જીવિત સદ્ગુરુદેવના સાંનિધ્યનો બને તેટલો વધુ લાભ લો. તેઓ તમારા અહંકારને કાપીકૂપીને તમારા શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરી આપશે. એમની વર્તમાન હયાતીના સમયે જ એમનો પૂરેપૂરો લાભ લેવા પ્રયાસ કરો. એમનો દેહ શાંત થયા પછી તો ....ઠીક છે, મંદિરો બને છે અને દુકાનદારીઓ ચાલે છે. તમારા જીવનનું ઘડતર પછી નહિ થઇ શકે. તમારું અસલી સ્વરૂપ પ્રત્યક્ષ નહિ થઇ શકે. અત્યારે તો 'પોતાને શરીર માનવા અને બીજાને પણ શરીર માનવા' એવી તમારી પરિચ્છિન્ન માન્યતાને તેઓ છોડાવે છે. પરંતુ તેમના ગયા પછી આ તમારી દુ:ખપૂર્ણ માન્યતા કોણ છોડાવશે....? પછી નામ તો રહેશે સાધનાનું કે 'હું સાધના કરું છું" પરંતુ બધા ખેલ મનના હશે. મન તમને ગુંચવી નાખશે. સદીઓથી એ તમને ગુંચવતું આવ્યું છે.

માટીને કુંભાર શત્રુ લાગે છે, પથ્થરને શિલ્પી શત્રુ લાગે છે, કેમકે તેઓ આઘાત કરે છે. આ જ પ્રમાણે તમારા દેહાધ્યાસ પર આઘાત કરનાર ગુરુદેવ પણ તમને શત્રુ જેવા લાગશે પણ તેઓ શત્રુ હોતા નથી. શત્રુ જેવા ભાસે તોય ભૂલેચુકે પણ તેમનાં ચરણ છોડશો નહિ. ધીરજ પૂર્વક તમે તમારી સાધનામાં મંડયા રહો. તેઓ તમને સુવર્ણની જેમ તપાવી તપાવીને પોતાના સ્વરૂપમાં જગાડી દેશે. તમારો દેહાધ્યાસ રૂપી મેલ ધોઇને સ્વચ્છ નિર્મળ બ્રહ્મપદમાં તમને પ્રતિષ્ઠિત કરી દેશે ? ગુરુદેવ તમારી પાસેથી કંઇક લેતા જણાશે પણ વાસ્તવમાં કંઈ લેતા નથી. કેમ કે તેઓ સ્વયં બધું છોડીને સદ્ગુરુ થયા છે. તેઓ લેશે તો તમને દીન હીન બનાવી દેનાર તમારી પરિચ્છિન્ન માન્યતાઓ લેશે. તમારાં દુઃખ, દર્દ, દારિદ્રય હરશે.

સદ્ગુરુ તમારું વિસર્જન કરે છે. તમે આનાકાની ન કરો, નહિ તો તમારો પરમાર્થનો પંથ લાંબો થઈ જશે. તમે સહકાર આપો. તમે એમનાં ચરણોમાં વિલીન થઇને માલિક બનો, શીશ આપીને સિરતાજ બનો. તમે પોતાનો ઘમંડ છોડો અને ગુરુ બનો. તમે પોતાની ક્ષુદ્રતા આપીને એમના સર્વસ્વના માલિક બનો. પોતાના નશ્વરને ઠોકર મારો અને એમની પાસેથી શાશ્વતનો સ્વર સાંભળો. પોતાના ક્ષુદ્ર જીવત્વને ત્યાગીને શિવત્વમાં વિશ્રામ કરો.

તમારા જે ચિત્તમાં સુખાકાર-દુઃખાકાર-દ્વેષાકાર વૃત્તિઓ ઊઠી રહી છે એ ચિત્ત પ્રકૃતિ છે અને તમે એ વૃત્તિઓના પ્રેરક સાક્ષી એમનાથી પર છો. એ જ તમારું વાસ્તવિક સ્વરૂપ છે. સ્વરૂપમાં ન રહેતાં જ્યારે પ્રકૃતિમાં ભટકો છો, વૃત્તિઓ સાથે એક થઈ જાઓ છો ત્યારે અશાંત થાઓ છો. સ્વરૂપમાં

નિષ્ઠ રહીને બધું કરો છો ત્યારે કરવા છતાં અકર્તા છો, પછી આનંદ તો તમારું સ્વરૂપ જ છે.

જેવી રીતે સડક ઉપર કાર, રીક્ષા, સાયકલ, બળદગાડી વગેરે કેટલાંય વાહનો ચાલે છે પરંતુ એક અચલ સડકના આધારે જ. આ જ પ્રમાણે તમારો આત્મા અચલ છે. એના પર વૃત્તિઓ ચાલી રહી છે. જેવી રીતે સરોવરમા તરંગો ઊઠે છે અને શાંત થાય છે તેવી રીતે તમારા આત્મ સ્વરૂપમાં બધી વૃત્તિઓ ઊઠે છે અને લય પામે છે.

વ્યવહારમાં ચિંતારૂપી રાક્ષસી ફરતી રહે છે. જેમને જગત સાચું લાગે છે એને આ રાક્ષસી પકડી લે છે. જેમને આ જગત સ્વપ્નવત્ ભાસે છે, જગતનો આધાર પોતાનું આત્મ સ્વરૂપ સત્ય લાગે છે તેને ચિંતાઓ અને પરિસ્થિતિઓ કચડી નથી શકતી.

એક જ મંદિર કે મસ્જિદમાં શું જવું ? આખા વિશ્વને મંદિર-મસ્જિદ બનાવી દો. તમે એવું જીવન જીવો કે તમે જે ખાઓ તે પ્રસાદ બની જાય, જે કરો તે ભક્તિ, સાધના બની જાય, જે વિચારો એ આત્મ ચિંતન બની જાય.

તમે જ્યારે સત્યના માર્ગે ચાલી જ નીકળ્યા છો તો હવે વ્યાવહારિક કાર્યોની ચિંતા ન કરો કે તેઓ પૂરાં થશે કે નહિ. ધારો કે બધાં કાર્યો પૂરાં ન થયાં તોય એક દિવસ એ બધાં છોડીને જવાનું જ છે. અહીં અધૂરાં કાર્યો તો અધૂરાં છે જ પરંતુ જેને સંસારીઓ પૂર્ણ થયેલાં માને છે તેય અધૂરાં જ છે. પૂર્ણ તો એક પરમાત્મા છે. એને જાણ્યા વિના બધું જાણી લેશો તોય વ્યર્થ છે.

કોઈ તમારી નિંદા કે અપમાન કરે તો પરવા ન કરો. ઈશ્વરને ધન્યવાદ આપો કે તમારો દેહાધ્યાસ તોડવા માટે

નિંદા અને અપમાન કરનારને એવી પ્રેરણા આપી. અપમાનથી ખિન્ન ન થાઓ. એ પ્રસંગને સાધના બનાવી લો. હંમેશાં યાદ રાખો કે નિંદા અને અપમાન કરનાર તમારું જેટલું હિત કરે છે એટલું હિત તમારી પ્રશંસા કરનારા નથી કરી શકતા.

સુખને ભવિષ્યમાં ન શોધો. 'અમુક મળશે ત્યારે સુખી થઈશ, આટલું કરી લઈશ ત્યારે સુખી થઈશ...' એમ નહિ. વર્તમાન ક્ષણને સુખપૂર્વક જીવવાની કળા શીખી લો. કેમકે ભવિષ્ય કદી આવતું નથી અને જ્યારે આવે છે ત્યારે વર્તમાન બનીને જ આવે છે.

તમે આનંદ સ્વરૂપ છો. તમને કોણ દુઃખી કરી શકે છે? એક બે તો શું...આખા જગતના બધા લોકો, એટલું જ નહિ, તેત્રીસ કરોડ દેવતાઓ મળીને પણ તમને દુઃખી કરવા ધારે તોય જ્યાં સુધી તમે સ્વયં અંદરથી દુઃખી થવા તૈયાર ન હો ત્યાં સુધી તમને દુઃખી ન કરી શકે. બહારથી સુખ-દુઃખના સંજોગો ઊભા કરી શકાય છે પરંતુ અંદરથી સુખી દુઃખી થવું કે ન થવું એ તમારા હાથની વાત છે. તમે અંદરથી સ્વીકૃતિ આપશો ત્યારે જ સુખી કે દુઃખી બનશો. લોકોએ મન્સૂરને શૂળી પર ચડાવ્યા પણ તેમને દુઃખી ન કરી શક્યા. તેઓ શૂળી ઉપર પણ હસતા જ રહ્યા.

કોઈ પણ પરિસ્થિતિ તમારાથી મોટી નથી હોઈ શકતી. કોઈ પણ દુઃખ તમારાથી મોટું નથી હોઈ શકતું. પછી કોઈ પણ પરિસ્થિતિથી, દુઃખથી, ભયથી ભયભીત થવાની શું જરૂર છે?

તમે અચલ છો. બાકી બધું ચલ છે, પરિવર્તનશીલ છે. ફિલ્મનો પડદો અચલ છે, ફિલ્મનાં દૃશ્યો બદલાતાં રહે છે. બાહ્ય પરિસ્થિતિ કેટલીય ભયંકર લાગે, દુઃખ પર્વત

જેવડું લાગે, ચારે બાજુ અંધકાર જ અંધકાર નજરે પડતો હોય, કોઈ માર્ગ ન સૂઝતો હોય, બધાં જ સ્વજનો વિરોધી બની ગયાં હોય, આખું જગત તમારી સામે તલવાર લઈને ઊભેલું દેખાય છતાં પણ ડરો નહિ...હિંમત રાખો, ધીરજ રાખો. આ બધી તમારી માયા છે. એને વાસ્તવિકતા ન આપો. પોતાના પરમ નિર્ભય આત્મસ્વરૂપનું સ્મરણ કરીને એ બધાની અવગણના કરી દો. વિકટ પરિસ્થિતિ રૂપે દેખાતી આંધી ઊડી જશે. પરિસ્થિતિની એવી કઈ ગંભીરતા છે કે જેને તમે હટાવી ન શકો-ફૂંક મારીને ઉડાડી ન શકો?

આ સંસાર તમારો બનાવેલો છે. પોતાના આનંદ માટે તમે એનું સર્જન કર્યું છે. ઓ દેવોના દેવ! તું પોતાને ભૂલીને પોતાની જ રચનાથી ભયભીત થઇ રહ્યા છે? ભય અને મુંઝવણને દૂર ફેંક! સત્ થઇને અસત્થી ડરે છે? ચેતન થઇને જડથી ડરે છે? જીવંત થઈને મડદાંથી ડરે છે? અમૃતનો ભંડાર થઈને મોતથી ડરે છે?

આ પંચમહાભૂત તમારાં બનાવેલાં છે. ભય અને ખટકાને દૂર ફેંકી દો.

ધન, સત્તા અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરીને પણ ઇચ્છો છો શું? તમે બીજાની ખુશામત કરો છો, શા માટે? સંબંધીઓને ખુશ રાખો છો, સમાજને સારો લાગે એવો વ્યવહાર કરો છો, શા માટે?...સુખને માટે જ ને? છતાં સુખ ટક્યું? તમારું સુખ ટકતું નથી અને જ્ઞાનીનું સુખ જતુ નથી. કેમ? કેમ કે જ્ઞાની ગુણાતીત છે અને આપણે ગુણોમાં ભટકીએ છીએ.

દુઃખો અને ચિંતાઓથી ભાગો નહિ. તમે એમને પડકાર આપીને આમંત્રણ આપો કે ભલે આવી જાય. તેઓ ક્યાં

રહે છે...જરા જોઉં તો ખરો! દુઃખો અને ચિંતાઓ છે જ નહિ. બધી કલ્પનાઓ જ છે. જે કંઈ છે તે દ્રષ્ટાનો દૃશ્ય-વિલાસ છે. તમે દ્રષ્ટા છો. પોતાનાથી અલગ કંઈ પણ માન્યું, પોતાની જ્ઞાનદૃષ્ટિથી જરા પણ નીચે આવ્યા તો દુઃખો ઊભાં થયાં જ સમજો. જ્ઞાનદૃષ્ટિ આવી તો પ્રતિકૂળતા પણ અનુકૂળતા બની ગઈ. વિરોધીઓ પણ મિત્રો બની ગયા.

तूफान और आंधी हमको न रोक पाए ।
वे ओर थे मुसाफिर जो पथ से लौट आए ॥
मरने के सब इरादे जीने के काम आए ।
हम भी तो हैं तुम्हारे कहने लगे पराए ॥

એવું કોણ છે કે જે તમને દુઃખી કરી શકે? તમે જો ન ઇચ્છો તો દુઃખોની શું મજાલ છે કે તમારો સ્પર્શ સુદ્ધાં કરી શકે? અનંત અનંત બ્રહ્માંડોને જે ચલાવી રહ્યું છે એ ચેતન તમે છો.

अहो निरंजनः शान्तो बोधोऽहं प्रकृतेः परः ।
एतावन्तमहं कालं मोहेनैव विडम्बितः ॥
अहो अहं नमो मह्यं विनाशी यस्य नास्ति में ।
ब्रह्मादिस्तंबपर्यन्तं जगन्नाशेऽपि तिष्ठतः ॥

અરે! હું નિર્દોષ, શાંત, બોધસ્વરૂપ, પ્રકૃતિથી પર છું. છતાં આટલા સમય સુધી મોહ દ્વારા ઠગાયેલો રહ્યો! કેવી આશ્ચર્યની વાત છે! બ્રહ્માથી માંડીને તૃણ સુધી સમગ્ર જગતનો નાશ થવા છતાં મારો નાશ થતો નથી. આહા...! હું કેવો આશ્ચર્યથી ભરેલો છું! મને મારા નમસ્કાર હો.

હું આનંદઘન છું. હું નથી જાણતો કે સુખ-દુઃખ શું છે અને ભય-શોક શું છે? હું સ્વભાવથી જ નિર્ભય છું.

હું ઈશ્વર છું. સમગ્ર વિશ્વ મારું કલ્પિત છે. એમાં જરા પણ સંદેહ નથી.

હું બાદશાહોનો પણ બાદશાહ છું, ઈશ્વરોનો પણ ઈશ્વર છું. મને કોણ ભયભીત કરી શકે છે?

જ્ઞાની મહાપુરુષને 'જગત સત્ય છે' એવી ભ્રાંતિ કોઈ અવસ્થામાં થતી નથી.

સંસારમાં જેટલી વસ્તુઓ પ્રત્યક્ષ રીતે ડરાવનારી જણાય છે તે બધી તમારા આનંદ અને વિનોદ માટે પ્રકૃતિએ તૈયાર કરી છે. ડરવાથી શું લાભ? તમારી જ મૂર્ખતા તમને ચક્કરમાં નાખે છે. તે સિવાય તમને નીચે પાડનાર કોઈ જ નથી. પાકો નિશ્ચય રાખો કે આ સંસાર તમારા જ આત્મદેવનો વિલાસ છે. સંસારનો કોઈ પણ પદાર્થ તમને ખરેખર દુઃખ ન આપી શકે.

સુખો અને દુઃખોની વૃષ્ટિ ભલે થતી રહે, પરંતુ મને તે સ્વરૂપથી વિચલિત નથી કરી શકતી.

તમે જેવું વિચારો છો તેવા જ તમે બની જાઓ છો. પોતાને પાપી માનશો તો જરૂર પાપી બની જશો. પોતાને મૂર્ખ કહેશો તો જરૂર મૂર્ખ બની જશો. પોતાને નિર્બળ ગણશો તો આ સંસારમાં એવી કોઈ શક્તિ નથી કે જે તમને બળવાન બનાવી શકે. તમે પોતાના સર્વશક્તિમાનપણાનો અનુભવ કરવા લાગો તો તમે સર્વશક્તિમાન થઈ જાઓ છો.

પોતાના હૃદયમાંથી દ્વૈતની ભાવનાને ચૂંટીચૂંટીને બહાર કાઢી નાખો, પોતાના પરિચ્છિન્ન અસ્તિત્વની દીવાલોને પાયામાંથી તોડી પાડો કે જેથી આનંદનો મહાસાગર પ્રત્યક્ષ લહેરાવા લાગે.

શું તમને તમારા બ્રહ્મત્વ વિષે શંકા છે ? પોતાના હૃદયમા આવી શંકા રાખવા કરતાં તો એ હૃદયને ગોળી મારી દેવી બહેતર છે.

ગંભીરમાં ગંભીર મુશ્કેલીના પ્રસંગે પણ માનસિક સમતોલપણું ચિત્તની સમતા જાળવી રાખો. ક્ષુદ્ર અબોધ બિચારા જીવો તમારા વિરુદ્ધ શું કહે છે એની રજ માત્ર પરવા ન કરો.

જ્યારે તમે સંસારનાં પ્રલોભનો અને ધમકીઓથી નહિ ડગો ત્યારે તમે ચોક્કસ સંસારને ડગાવી નાખશો. આમાં જે શંકા કરે છે તે કાફર છે.

મારું કોઈ માનસિક શુભાશુભ કર્મ નથી, કોઈ શારીરિક શુભાશુભ કર્મ નથી કે કોઈ વાચિક શુભાશુભ કર્મ નથી. હું સ્વભાવથી જ નિરાકાર, સર્વવ્યાપી આત્મા છું. હું અવિનાશી અનંત, શુદ્ધ અને વિજ્ઞાનસ્વરૂપ છું. હું સુખદુઃખને નથી જાણતો કે તે કોને થાય છે.

સ્વપ્નમાં જે રુચિકર અને ચિત્તાકર્ષક ઘટનાઓ ઉપસ્થિત થાય છે તે બધી તમારા વિચાર માત્ર છે. મહા ભયંકર દશ્યો દેખાય છે એ તમારાં જ કરતૂત છે. એ જ પ્રમાણે સંસારમાં મનોવાંછિત પરિસ્થિતિઓ હોય કે ભયાવહ આફતો હોય, એ બધી જ તમારી બનાવેલી છે. તમે બંનેના સ્વામી છો.

હે પ્રિય ! તુજ વિરાટ સ્વરૂપમાં આ જગત રૂપી તરંગો સ્વભાવથી જ ઉદય અને અસ્ત પામે છે. એમાં નથી તારી વૃદ્ધિ થતી કે નથી તારો નાશ થતો. કેમ કે જગતરૂપી તરંગો તારાથી અલગ નથી. પછી 'કોનું ગ્રહણ કરું, કોનો

ત્યાગ કરું ? કોને પ્રેમ કરું, કોનો દ્વેષ કરું, કોનો મોહ કરું'' ? વગેરે પ્રકારનું ચિંતન કરીને શા માટે પરેશાન થાય છે ?

આ ઇન્દ્રજાળ સમાન મિથ્યા સંસારમાં મોહ ન કર. હે સૌમ્ય ! તારું આ જડ શરીર કલ્પાંત સુધી સ્થિર રહે કે આજે અત્યારે જ નષ્ટ થઇ જાય, તને ચૈતન્યને વળી ભય કેવો ?

આ સંસાર રૂપી સમુદ્રમાં એક તું જ થયો છે, તું જ છે અને તું જ રહીશ. તારું નથી કોઇ બંધન કે નથી મોક્ષ. આ નિશ્ચય જાણીને તું સુખપૂર્વક વિચર.

હે ચૈતન્ય સ્વરૂપ ! સંકલ્પ અને વિકલ્પથી તું ચિત્તને ક્ષુબ્ધ ન કર. ચિત્તને શાંત કરીને પોતાના આનંદમય સ્વરૂપમાં સુખપૂર્વક સ્થિત થઈ જા.

બ્રહ્મદૃષ્ટિ છોડીને અન્ય કોઇ પણ દૃષ્ટિથી કોઈ વસ્તુને ન જુઓ. જો એમ નહિ કરો તો અન્યાય અને બૂરાઇ જ નજરે પડશે.

ભય માત્ર આપણી કલ્પનાની ઉપજ છે.

આ સઘળો પ્રપંચ આપણી સ્ફુરણા છે, કલ્પના છે. કહો, હવે આપણે કોનો ભય રાખીએ અને કોની ઇચ્છા કરીએ ?

સદાય સિંહની જેમ નિર્ભય રહો. કોઇનાથી કદી ન ડરો.

વેદાન્ત પ્રમાણે આ સમગ્ર સંસાર તમારું જ સર્જન છે. તમારો જ સંકલ્પ છે. તો તમે પોતાને દીન-હીન, પાપી શા માટે સમજો છો ? તમે પોતાને નિર્ભય, સ્વાવલંબી પરમાત્માનો અવતાર કેમ નથી માનતા ?

બધા જ પ્રકારના ભય, દુઃખ, શોક, ચિંતા ભ્રમમાત્ર છે. જ્યારે એવા પ્રસંગો આવે ત્યારે ભ્રમ સમજીને ટાળી નાખો.

ભય અને શંકાથી જ તમે પોતાને મુશીબતમાં નાખો છો. કોઇ પણ બાબતથી ચંચળ, અસ્થિર અને ચકિત ન થાઓ. અજ્ઞાનીઓનાં વચનોથી કદાપિ ભયભીત ન થાઓ.

પરમાત્માની શાંતિનો ભંગ કરવાની ભલા કોનામાં તાકાત છે ? જો તમે ખરેખર પરમાત્મા જ હો તો આખું જગત ભલે ઊંધું થઈ જાય, તમારી શાંતિનો ભંગ ન થઇ શકે.

ગંભીરમાં ગંભીર આફતોમાં પણ પોતાનું માનસિક સમત્વ જાળવી રાખો. ક્ષુદ્ર બિચારા જીવો તમારી વિરુદ્ધ શું બકવાદ કરે છે તેની બિલકુલ પરવાહ ન કરો.

વેદાંત કહે છે કે આપણે બદ્ધ નથી પણ નિત્ય મુક્ત છીએ. એટલું જ નહિ, 'હું બદ્ધ છુ' એમ વિચારવું એ પણ અનિષ્ટકારક છે, ભ્રમ છે. જેવું તમે માનવા લાગ્યા કે 'હું બદ્ધ છું, હું દુર્બળ છું, અસહાય છું' કે તરત તમારૂં દુર્ભાગ્ય શરૂ થયું જ સમજો. માટે એવું કદી બોલશો નહિ, વિચારશો પણ નહિ.

વિદ્વાનો, દાર્શનિકો, આચાર્યોની ધમકીઓ અને અનુગ્રહ, ટીકાઓ અને અનુમોદનો બ્રહ્મજ્ઞાની પર કોઈ પ્રભાવ નથી પાડતાં.

પરોપકારનું થોડુંક કાર્ય કરવા માત્રથી અંદરની શક્તિઓ જાગ્રત થવા લાગે છે. અન્યનું ભલું કરવાના વિચાર માત્રથી હૃદયમાં એક સિંહ સમાન બળ આવી જાય છે.

જે વ્યર્થ વાતો નથી કરતો, વ્યર્થ સમય નથી ગુમાવતો, ચારિત્ર્યહીન લોકોનો સંગ નથી કરતો એવા ભાગ્યવાન માણસને જો તત્ત્વજ્ઞાની ગુરુ મળી જાય તો સમજી લો કે એનો છેલ્લો જન્મ છે. એ જરૂર આ સંસાર સાગરથી પાર થઈ જાય છે.

મૂર્ખાઓની કલ્પનાઓને, જગતની વસ્તુઓને જેટલી સત્ય માને છે એટલી સત્ય જો મહાપુરુષોની વાતોને માને તો એવું કોણ છે કે જે મુક્ત ન થઇ જાય ! એવી કઈ મુક્તિ છે કે જે એની મૂઠીમાં ન આવી જાય !

તમારે જેટલું જોવું જોઈએ, જેટલું બોલવું જોઇએ, જેટલું સાંભળવું જોઇએ, જેટલું કરવું જોઈએ, જેટલું સમજવું જોઇએ...એ બધું થઈ ગયું. હવે જેના કારણે બોલી શકાય છે, જેના કારણે સાંભળી શકાય છે, જેના કારણે સમજી શકાય છે, એમાં ડૂબી જવું એ જ તમારું પરમ પાવન કર્તવ્ય છે. આ જ બુદ્ધિમત્તાનું કાર્ય છે. જગતનું દેખવું, સાંભળવું તો કદી પૂરું નહિ થાય. આપણે જ પૂરા થઈ જઈશું. જગતનો અંત નહિ આવે પણ આપણો જ અંત આવી જશે. માટે કૃપા કરીને હવે રોકાઓ...હા, હવે રોકાઈ જાઓ.... ઘણું થયું. બસ કરો, રઝળપાટનો અંત લાવો. જોવા-સાંભળવા-ફરવાનો અંત લાવી દો.

બસ, ખોવાઈ જાઓ...હા, ખરેખર ખોવાઈ જાઓ તમારા એ નિજસ્વરૂપ આત્મદેવમાં. એ જ થઈ જાઓ. તમે એ જ છો, એ જ છો. સમજી લો કે તમે એ જ છો. ૐ... ૐ....ૐ... !

ૐ આનંદ ! ૐ આનંદ !! ૐ આનંદ !!!

અભાગિઓ માણુસ ભલે આ વિચારોથી ભયભીત થાય, આ વિચારોને હૃદયમાં ન અપનાવે, પણ પરમ માંગલ્યનાં દ્વાર ખોલનાર આ પાવનકારી શુભ વિચારોને કોઈક ભાગ્યવંત તો વાંચશે જ, હૃદયથી અપનાવશે જ અને એ આત્મરસમાં ડૂબશે જ કે જેનાથી બધું જોઈ શકાય છે, સાંભળી શકાય છે, સમજી શકાય છે.

સદાય બહિર્મુખ રહેવું એ પોતાની જાતને છેતરવા જેવું છે.

સવારે ખુલ્લી હવામાં ફરવા નીકળી જાઓ. આ પાવન વિચારોને થોડા થોડા વાંચતા જાઓ. નદી કિનારે, સરોવર પાળે, સમુદ્ર તટે, પહાડ પર, જ્યાં એકાંત હોય ત્યાં ફરવા જાઓ. ખુલ્લી જગ્યામાં, પ્રકૃતિના શાંત, સુરમ્ય મનોહર સૌંદર્યમય વાતાવરણમાં જ્યારે જ્યારે તક મળે ત્યારે જતા રહો. ત્યાં નાચો, ગાઓ, કૂદો, હરોફરો ને પછી બેસી જાઓ. જ્યાં સુધી સાક્ષાત્કાર ન થઈ જાય ત્યાં સુધી આ પુસ્તિકાને સદાય સાથે રાખો. એનાં વિચારરત્નો વાંચો, વાગોળો, પચાવો અને તેના રહસ્યને આત્મસાત્ કરો. એને વિચારતાં વિચારતાં આત્માનંદમાં ડૂબી જાઓ.

પછી જુઓ કે જગતની મુશ્કેલીઓ, લોકોનો બકવાદ, શત્રુઓની ધમકીઓ, નિંદકોની નિંદાઓ, મિત્રોની મોહ મમતા, સત્તાધીશોની કરડી નજર, તમામ પ્રકારની આફતો તમારી પાસેથી પલાયન થાય છે કે નહિ ? જો ન થતી હોય તો મને મળજો.

હંમેશાં સૂર્યોદય પહેલાં સ્નાન કરી લો. ત્યાર બાદ ૧૦-૧૫ પ્રાણાયામ કરો. પછી ૐકારના પાવન ધ્વનિનું

મોટેથી ગુંજન કરો. આંખો અડધી ખુલ્લી....અડધી બંધ. તમારી અંદર જ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થતો નિહાળો. બહાર ભૂતાકાશમાં ભાસ્કરનો ઉદય થઈ રહ્યો છે અને અંદર ચિત્તાકાશમાં ચૈતન્યનો ઉદય થઈ રહ્યો છે.

ૐ આનંદ ! ૐ આનંદ !! ૐ આનંદ !!!

મસ્તીમાં ડૂબતા જાઓ.. વારંવાર આ પુસ્તિકાનાં થોડાંક વાક્યો વાંચતા જાઓ....ફરી મનને આનંદમાં ડૂબવા દો.... ફરી વાક્યો વાંચો.... ફરી રસમાં તરબોળ થાઓ. આવો અભ્યાસ આદરસહિત કરો. બધી જ મુશ્કેલીઓથી મુક્તિ મેળવવાની આ સુંદરમાં સુંદર ચાવી છે.

સદાય શાંત રહો. મૌનનું અવલંબન લો. ઓછામાં ઓછા મિત્રો બનાવો. ઓછામાં ઓછા જગતનો પરિચય કેળવો. ઓછામાં ઓછા સંસારની માહિતી મસ્તકમાં ભરો. આત્મજ્ઞાનના વધારેમાં વધારે વિચારોને હૃદય અને મસ્તકમાં સ્થાન આપો. તમારા મન-મંદિરને આત્માનંદથી આલોકિત કરી નાખો વ્હાલા !!

ઘણો સમય ગયો....ઘણું જાણી લીધું...ઘણું જોઈ લીધું ...ઘણું બોલી લીધું...ઘણું ફરી લીધું....ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ !

मुझे वेद पुरान कुरान से क्या,
मुझे सत्य का पाठ पढ़ा दे कोई ।
मुझे मंदिर मस्जिद जाना नहीं,
मुझे प्रेम का रंग चढा दे कोई ।
जहां ऊँच या नीच का भेद नहीं,
जहां जात या पात की बात नहीं ।

न हो मंदिर मस्जिद चर्च जहाँ,
न हो पूजा नमाज में फर्क जहाँ ।
जहाँ सत्य हो सार हो जीवन का,
रिधवार सिंगार हो त्याग जहाँ ।
जहां प्रेम ही प्रेम की सृष्टि मिले,
चलो नाव को ले चलें खे के वहाँ ।

પ્રેમના પાઠ કોણ ભણાવશે....? તમે પ્રેમસ્વરૂપમાં ડૂબી જાઓ. એ જ છે આનંદસાગરમાં ડૂબવાની રીત...બસ ડૂબી જાઓ...!

સાહસિક બનો. ધીરજ ન છોડો. હજાર વાર નિષ્ફળ થયા પછી પણ એક ડગલું બીજું માંડો...ફરીથી માંડો... ફરીથી માંડો....જરૂર સફળતા મળશે. શંકાના અંકુરને પાંગરવા ન દો. પાંગરવા માંડે તો તેને મસળી નાખો, કચડી નાખો. संशयात्मा विनश्यति ।

જે વિચારો અને કર્મોથી તમારામાં ભય, ચંચળતા ને અશાંતિ વધતી હોય એ વિચારો અને કર્મોનો વિષની જેમ ત્યાગ કરો. પહોંચી જાઓ કોઈ સમચિત્ત...શાંતસ્વરૂપ પ્રેમમૂર્તિ...નિર્દ્વંદ્વ...નિરામય....સ્વરૂપમાં મસ્ત રહેનાર કોઈ મસ્ત ફકીરનાં ચરણોમાં. ત્યાં એમનાં દર્શન માત્રથી, એમના કૃપા–કટાક્ષ માત્રથી, એમના સહયોગ–સહકાર માત્રથી જે મળશે તે ચાંદ્રાયણ વ્રત કરવાથી નહિ મળે, ગંગાસ્નાન કરવાથી નહિ મળે. આત્મજ્ઞાની મહાપુરુષની દૃષ્ટિ તમારા પર પડવાથી તમને જેટલો લાભ થશે તેટલો લાભ કાશી –રામેશ્વર, મક્કા–મદીના જવાથી નહિ મળે. માટે જીવનની અમૂલ્ય પળો ગુમાવ્યા વિના સાધનામાં લાગી જાઓ.

नाम दीवाना दाम दीवाना चाम दीवाना कोई ।
धन धन जो राम दीवाना बनो दीवाना सोई ।।
नाम दीवाना नाम न पायो, दाम दीवाना दाम न पायो ।
चाम दीवाना चाम न पायो, जुग जुग मे भटकायो ।।
नाम दीवाना नाम समायो....

કેમ બરાબર છે ને....? કરશોને હિંમત? કમર કશશો....? વીર બનશો કે નહિ....? અંતિમ સત્યની મંઝિલે પહોંચશો કે નહિ....? ઊઠો .... ઊઠો .... શાબાશ. હિંમત કરો ! મંઝિલ પાસે જ છે. એ અટપટી છે પણ દૂર નથી.... ઝટપટ સમજમાં નથી આવતી .... પરંતુ યાજ્ઞવલ્ક્ય કે શુકદેવ જેવા કોઈ મહાપુરુષ મળી જાય અને સમજમાં આવી જાય તો જીવનની તમામ ખટપટ દૂર થઈ જાય.

ૐ આનંદ ! ૐ આનંદ !! ૐ આનંદ !!!

☆ યમ-કિંકર સંવાદ

એકવાર એક યમકિંકરે યમરાજને પ્રશ્ન કર્યો : "હે ધર્મરાજ ! પ્રાણીઓને આપનો ભય લાગે છે તે કેવી રીતે દૂર થાય ?"

યમરાજ : 'મારો ભય અવિદ્યાના કારણે સતાવે છે. જીવ જ્યારે પોતાના મૂળ સ્વરૂપને જાણી લે છે ત્યારે ત્રિલોકીમાં કોઈનો ભય તેને રહેતો નથી. દેહાભિમાનીને જ મારો ભય લાગે છે. જેણે દેહાભિમાનનો યથાર્થ ત્યાગ કર્યો છે, પોતાને નિત્ય, શુદ્ધ, બુદ્ધ, સચ્ચિદાનંદસ્વરૂપ આત્મા જાણ્યો છે તેને મારો ભય નથી."

કિંકર : "હે પ્રભો ! આપની આજ્ઞાથી હું પ્રાણીને તેના શરીરમાંથી કાઢી લાવું છું પરંતુ એનું કોઇ રૂપ મને દેખાતું નથી. છતાં આપ પાપ-પુણ્યનો હિસાબ કોને પૂછો છો ? સુખ દુઃખ કોને આપો છો ?"

યમરાજ : "આ બધા પ્રશ્નો પૂછવાનું તારે શું પ્રયોજન છે ?"

કિંકર : આશ્ચર્ય છે ! જેના પર અમે આજ્ઞા ચાલાવીએ તેનું સ્વરૂપ જ ન જાણીએ એ કેવું વિચિત્ર કહેવાય ?

આપના આદેશથી પ્રાણીને જ્યારે નરકમાં નાખું છું ત્યારે તે આક્રંદ કરે છે, હાય હાય પોકારે છે પરંતુ તેના સ્વરૂપમાં કોઈ ફરક પડતો લાગતો નથી. સુખમાં કે દુઃખમાં એક જેવો જ રહે છે. એથી લાગે છે કે જીવ દેહથી અલગ છે, નિર્લેપ છે. જે દેહના અહંકારથી રહિત છે તેને કાળની ફાંસીનું દુઃખ કેવું ? આ પરથી એવો નિર્ણય થાય છે કે આપના પ્રભાવની બધી ધામધૂમ ભ્રમમાત્ર છે."

યમરાજ : "ઈશ્વરનાં કર્તવ્યોને કોણ જાણી શકે ?"

કિંકર : "ઈશ્વરનાં કર્તવ્યોને જો આપ જાણતા નથી તો પ્રાણીઓનાં પાપ-પુણ્યને શા માટે વિચારો છો ? આપનું સ્વરૂપ શું છે ? મારું સ્વરૂપ શું છે? જીવોનું સ્વરૂપ શું છે ?"

યમરાજ : "આ બધું પુછવાનું રહેવા દે. એનો ભેદ જો પ્રગટ કરી દઇશ તો તું મારા હાથથી જઇશ. સર્વ ધર્મ અને મારી આજ્ઞાના પ્રભાવનો નાશ થઇ જશે."

કિંકર : "ધિક્કાર છે મને, મારા દંડને અને ફાંસી આપવાની મારી સત્તાને ! હું પોતાને જાણતો નથી ને જાતને કિંકર માની રહ્યો છું !"

યમરાજ : 'આ બધી વાતોમાંથી શું સાર નીકળશે ? માટે ભજન ગોવિંદનું કર જેથી સંસારના દુઃખથી બચી શકે. તારા મનરૂપી દર્પણને લાગેલ અહંકારરૂપી મલિનતા દૂર થશે ત્યારે તારું સ્વરૂપ આપોઆપ પ્રગટ થશે."

કિંકર : "પોતાને જાણ્યા વિના ભજન કરવાથી શું ? હે નાથ ! મારા પ્રશ્નોનો ઉત્તર આપો તો ઠીક, નહિ તો હું પ્રાણત્યાગ કરીશ."

યમરાજ : "હે કિંકર ! પ્રથમ તારા મનને ઇચ્છાથી રહિત કર જેથી પોતાના મૂળને પામે."

કિંકર : "હું કોણ છું કે જે મનને ઇચ્છાથી નિવૃત્ત કરું ? મનનું સ્વરૂપ શું છે કે જે ઇચ્છાશૂન્ય બને ?"

યમરાજ : 'તું નિત્ય, સુખસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ છે અને મન છે સંકલ્પ-વિકલ્પરૂપ પંચભુતોનો વિકાર માત્ર."

કિંકર : "જ્યારે હું ખુદ યથાર્થપણે ઇચ્છાશૂન્ય છું ત્યારે મનની ઇચ્છા-અનિચ્છાથી મને ચૈતન્યને હર્ષ-શોક કેવા ? મુજ જ્ઞાનસ્વરૂપમાં જો ઇચ્છા હોય તો જ તેનો ત્યાગ કરી શકાય. માટે પારકા ઘરની વાત મને ન કહો. મને મારા પોતાના ઘરની વાત કહો. મન ઇચ્છાશૂન્ય થાય કે ન થાય તેથી મારે જ્ઞાનસ્વરૂપ ચૈતન્યને શું ? आप मुए फिर डूब गयी दुनियाँ । જ્યાં પોતે જ નથી ત્યાં જગત ક્યાંથી રહે ? સુષુપ્તિવત્... મૂર્છાવત્. હે યમરાજ ! સર્વે જ્ઞાની અજ્ઞાની જીવો આપની જેમ જ શુભાશુભ ચેષ્ટાઓ કરે છે પરંતુ જેમને દેહાભિમાન છે, જેઓ પોતાનું સ્વરૂપ નથી જાણતા ને પોતાને પાપી કે પુણ્યવાન માને છે તેઓ જ

તમારી યમપુરીમાં આવે છે. કોઈ આત્મજ્ઞાની તમારા પ્રભાવમાં આવતા નથી. દેહાભિમાન જ સર્વ દુઃખ અને ભયનું મૂળ છે."

યમરાજ : "શાબાશ કિંકર ! હવે તું કંઈક ડાહ્યો થયો. ધીરે ધીરે બધો ભેદ સમજવા લાગ્યો. સાંભળ, હવે તને એક કથા કહું છું :

એક હતો રાજા. શિકાર ખેલવા વનમાં ગયો. બીજો કોઇ શિકાર ન મળ્યો તેથી એક શિયાળને મારવા બાણ ચડાવ્યું. ત્યારે શિયાળે કહ્યું : 'હે રાજન્ ! મને મારીશ નહિ. જો મારીશ તો ત્રણેય લોક નહિ રહે.'

રાજા : 'અરે શિયાળ ! તારા જેવાં ક્ષુદ્ર પ્રાણીઓ મેં અનેક હણી નાખ્યાં છતાં ત્રિલોકી નષ્ટ નથી થઈ. તને મારવાથી ત્રિલોકી કેમ નહિ રહે ?'

શિયાળ : 'હે ભૂપતિ ! જ્યારે હું જ નહિ હોઉં તો મારા માટે ત્રિલોકીનું અસ્તિત્વ પણ ક્યાંથી રહેશે ?'

રાજા વિચારમાં પડી ગયો. आप मुंये जग प्रलय है । તત્કાળ તેના ચિત્તમાં વૈરાગ્ય પ્રગટ્યો. તેણે શિયાળને જવા દીધું ને રાજમહેલમાં પાછો ફર્યો. રાણીને એકાંતમાં બોલાવીને સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. અંતે કહ્યું :

'હે પ્રિયે ! હવે હું અતીત થાઉં છું.'

રાણી: 'રાજન્ ! એ આનંદની વાત છે. પરંતુ કહો તો ખરા કે કોનાથી અતીત થાઓ છો ? રાજ્યથી અતીત થતા હો તો જ્યારે તમે ન હતા ત્યારેય રાજ્ય હતું અને તમે ચાલ્યા જશો કે મૃત્યુ પામશો ત્યારે પણ રાજ્ય રહેશે ને રાજ્યનો કોઇ બીજો અભિમાની પણ રહેશે. તેથી રાજ્ય આપનું નથી. જો આપનું હોત તો આપની સાથે આવત. પરંતુ આપની સાથે આવતું જણાતું નથી. માટે હે નાથ ! આ રાજ્ય આપનું નથી પણ પુણ્યોનું છે.'

રાજા: 'પુણ્યો મેં કર્યાં છે માટે રાજ્ય મારું છે.'

રાણી: 'હે નરશ્રેષ્ઠ ! પુણ્યોના કર્તાને જીવ. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, અવિદ્યા વગેરેના નામે સંબોધવામાં આવે છે. એ જ સર્વ કર્મોના કર્તા અને ભોક્તા છે. જીવ જ્યારે પુણ્ય-પાપરૂપ કર્મ કરતો હોય અને તેનાં સુખદુઃખરૂપ ફળ ભોગવતો હોય ત્યારે એ બંને અવસ્થામાં તમે સાક્ષી ચૈતન્ય નિત્ય મુક્ત આત્મા છો. માટે આપ એ કર્મોના કર્તા પણ નથી ને તે કર્મોનાં ફળોના ભોક્તા પણ નથી. આપનામાં કોઇ કર્તવ્ય પણ નથી.'

રાજા: 'મન, બુદ્ધિ, ચિત્ત વગેરે જડ છે, ઘડાની જેમ. તેઓ કર્તા-ભોક્તા કેવી રીતે હોઈ શકે ?'

રાણી: 'હે સ્વામી ! મન વગેરે ઘડા જેવાં અતિ જડ પણ નથી ને નિર્વિકાર આત્મા જેવાં ચેતન પણ નથી, પરંતુ મધ્યભાવી છે. કેમ કે તેમનામાં નિત્ય સુખસ્વરૂપ આત્માનું પ્રતિબિંબ ગ્રહણ કરવાની યોગ્યતા છે. ઘડા જેવા જડ પદાર્થોમાં એવી યોગ્યતા નથી. માટે હે રાજન્ ! જે આપને દુઃખ આપે છે એનાથી અતીત થાઓ.

રાજ્યમાં જો દુઃખ આપવાની શક્તિ હોય તો રાજ્યમાં રહેતા સર્વે લોકોને દુઃખ આપે. પણ એવું જોવા નથી મળતું. માટે પદાર્થો સુખ દુઃખ ઉપજાવતા નથી પણ આપણી કલ્પના સુખ દુઃખ ઉપજાવે છે.

જો તમે કહેતા હો કે હું આ ઘરથી અતીત થાઉં છું તો તે પણ યોગ્ય નથી. કેમકે આ રાજમહેલ આપની સાથે

આવ્યો નથી ને આપની સાથે જશે પણ નહિ. જો એ આપનો હોત તો આપની સાથે રહેત. આ રાજભવનમાં આપના પિતા, પિતામહ, તેમના પિતા–પિતામહ એમ અસંખ્ય પુરુષો રહીને ચાલ્યા ગયા છે. તમે પણ ચાલ્યા જશો ને તમારા પછી પુત્રો, પૌત્રો, પ્રપૌત્રો પણ રહી રહીને ચાલ્યા જશે. આ રાજ-ભવન મુસાફરોનું મુસાફરખાનું છે, તમારું નથી. જે મુસાફર મૂર્ખાઇ કરીને આ મુસાફરખાનાને પોતાનું માનવાનો દાવો કરે છે તે દુઃખી થાય છે ને પોતાની આબરૂ ગુમાવે છે. એમાં જે મમત્વ નથી બાંધતા તે સુખ પામે છે ને સારી રીતે ગુજ-રાન ચલાવે છે.

હે રાજન્ ! આ ભવન કેવળ આપનું નથી. પૃથ્વીના વિકારરૂપ ઈંટ–ચૂનાના બનેલા આ ભવનને તમારા સંબંધીઓ ઉપરાંત કીડી, મંકોડા, ઉંદર, સર્પ વગેરે જીવો પણ પોતાનું માને છે. જો ઘર દુઃખદાયક હોય તો એ સર્વેને પણ દુઃખ મળવું જોઈએ. માટે ઘર દુઃખદાયક નથી કે જેથી આપને દુઃખ આપે.

વળી ઘર જડ છે. જડ પદાર્થમાં ચેતનને દુઃખ આપવાનું સામર્થ્ય જ નથી. કલ્પનાથી માનો તો સુખ દુઃખ છે, નહિ તો નથી. માટે આ રાજભવનનો ત્યાગ ઉચિત નથી. તમે શા માટે એનાથી અતીત થાઓ છો ?

જો ખરેખર અતીત થવું જ હોય તો આ પાંચ મહા-ભૂતના સંઘાતરૂપ તમારા દેહરૂપી ઘરથી અતીત થાઓ. અર્થાત્ દેહાભિમાન ત્યાગો, દેહનું અભિમાન ત્યાગવાથી જ પૂર્ણ ઉકેલ સાંપડશે, અન્યથા નહિ.'

રાજા : 'આ સ્નેહીજનો અને સંબંધીઓથી અતીત થાઉં છું.'

રાણી : 'ભૂપતે ! આપ ચૈતન્ય આ સંબંધીઓથી સ્વતઃ અતીત છો જ, ભિન્ન છો જ, એકરૂપ નથી. આપ પોતે પણ એવું માનો જ છો.

વળી, ક્યાંક એવું ન બને કે આ સંબંધોઓને ત્યાગીને કોઇ બીજા વેષધારી સંબંધીઓને ગ્રહણ કરી લો ! અહીં રાજા અને ગૃહસ્થી કહેવડાવો છો જ્યારે અતીત થયા પછી માનશો કે 'હું અમુક વેશનો અતીત છું', અમુક મારા ગુરુ છે, અમુક મારા ચેલા છે, અમુક મારા ગુરુભાઈ છે. વળી પાછા આ બધાં મિથ્યા અભિમાનોમાં બંધાશો. અહીંનાં ને ત્યાંનાં બધાં અભિમાન મૂલતઃ સમાન છે. અહીં મુકુટ, મોતી-ઓની માળા ધારણ કરો છો ને ત્યાં જઈ પાછા તિલક, તુલસી ને રુદ્રાક્ષની માળા ધારણ કરશો. જેવાં નામરૂપ અહીં છે તેવાં બીજાં ત્યાં જઇને રાખશો. અહીં રાજમહેલ છે ને ત્યાં કોઈ ગુરુનો મઠ હશે અથવા સ્વનિર્મિત ઝુંપડી કે ગુફા હશે. હે રાજન્ ! આપ કોનાથી અતીત થાઓ છો ?

વાસ્તવિક વિવેક જગાડીને અસલી વિચાર કરો તો ભ્રાંતિ-સિદ્ધ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ એ પાંચ વિષય, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, પાંચ પ્રાણ, મન–બુદ્ધિ–ચિત્ત–અહંકાર એ અંતઃકરણ ચતુષ્ટય તથા એના કારણભુત પંચ-મહાભૂત–આ બધાં આપનાં સંબંધીઓ છે. ગત જન્મોમાં એ બધાં સાથે હતાં. નિજ સ્વરૂપનું જ્ઞાન નહિ થાય ત્યાં સુધી આગળના જન્મોમાં પણ સાથે જ રહેશે. આ સંબંધીઓ જ ભ્રમના કારણે દુઃખ દેનારાં છે. એમનાથી અતીત થતા નથી ને પુત્રકલત્રાદિ સંબંધીઓ કે જે આપના સુખનાં સાધન છે તેનાથી અતીત થવા બેઠા છો. આપની બુદ્ધિ હાસ્યાસ્પદ છે. પુત્રકલત્રાદિ સંબંધીઓ તો સમય આવતાં આપમેળે જ

તમને છોડીને જશે અથવા તમે પોતે એમને છોડીને જશો. પરંતુ ઉપર ગણાવ્યાં તે મન-બુદ્ધિ આદિ સંબંધીઓ તમને જ્ઞાન પ્રાપ્ત થયા પહેલાં કદાપિ તમારો પીછો છોડે એમ નથી. જ્યારે મનાદિક સંબંધીઓથી પોતાને અતીત કરશો અર્થાત્ પોતાને તેમનાથી ભિન્ન માનશો અને જાણશો ત્યારે જ કાળની ફાંસીથી બચશો.

હે રાજન્ ! અનેકવાર આપે સ્ત્રી પુત્રાદિ સંબંધીઓ ત્યાગ્યાં છે ને વળી પાછાં બીજા જન્મે ગ્રહણ કર્યાં છે. જ્ઞાન વિના આગળ પણ એવું જ કરશો. પરંતુ એથી દુઃખ દૂર નહિ થાય. માટે હવે દેહના અહંકારને જ ત્યાગો કે જેથી સર્વત્યાગી થઇ શકાય. એક એક વસ્તુનો ત્યાગ અને ગ્રહણ કરવાથી કોઈ સાર નહિ મળે. સર્વ ત્યાગોનો ત્યાગ કર્યા પછી જે અવાચ્ય પદ શેષ રહેશે તે જ આપનું સ્વરૂપ છે.

અહંકારનો ત્યાગ કરવા કોઈ બીજા પ્રયત્નની જરૂર પડશે એમ નથી. વિચારના મહિમાથી જ અહંકારનો ત્યાગ થઈ શકે છે.'

રાજા : 'હે ભદ્રે ! હવે હું સર્વ કામનાઓથી નિરાશ થયો છું. તું જેમ કહીશ તેમ હું કરીશ.'

રાણી : 'પ્રથમ આપ અહંકારને ભસ્મ કરો. પછી જેમ ઇચ્છા હોય તેમ કરજો.'

રાજા : 'હું શું કરું ? કોના શરણે જાઉં કે જેથી મને ઉપદેશ મળે ?'

રાણી : 'હું આપને ઉપદેશ કરું છું પણ આપે મને પોતાની ભાર્યા માની રાખેલ છે. તમારી એ બુદ્ધિનો ત્યાગ કરો.'

રાજા : 'મારા મનમાં વૈરાગ્યની એવી આગ ભભૂકી ઊઠી છે કે સ્ત્રી પુરુષનો ભાવ ભસ્મ થઈ ગયો છે. જે સત્‌ને નથી ચાહતો એ જ મળમૂત્રની થેલીરૂપ સ્ત્રીના શરીર વગેરેને ચાહે છે. મને હવે ઇન્દ્રની અપ્સરાની પણ ઇચ્છા નથી તો તારી શું ઇચ્છા કરું ?'

રાણી : 'ઠીક. આપ અહંકારનો ત્યાગ કરીને જુઓ કે આપ કોણ છો ? આપનું કોણ છે ? આપ કોના છો ? આ જે દશ્યમાન જગત છે તે નેત્ર ખોલતાં જ પ્રગટ થાય છે. જ્યારે આંખ બંધ થઈ જાય ત્યારે નથી કોઈ તમારું કે નથી તમે કોઈના. નિદ્રામાં નથી નામ-રૂપવાળું બાહ્ય જગત કે નથી ઇચ્છા-અનિચ્છારૂપ માનસિક જગત. નેત્ર ખોલવાં બીડવાં એટલે મનની સ્ફુરણા અસ્ફુરણા સમજવી. મન સ્ફુરે એટલે આખો સંસાર પ્રગટ થાય છે. મન લીન થાય એટલે સંસાર ગાયબ.

જ્યારે તમે હો છો ત્યારે ગ્રહણ ત્યાગ કરો છો. જ્યાં તમે જ નહિ ત્યાં કોણ કોનો ગ્રહણ ત્યાગ કરે ? માટે આપ જ સર્વના આધાર છો, જગતનું એકમાત્ર અધિષ્ઠાન છો. આપ ચૈતન્ય સ્વરૂપમાં જ આ સઘળો સંસાર ઝાંઝવાના જળની જેમ પ્રતીત થાય છે. વાસ્તવમાં મનની સ્ફુરણા સિવાય અન્ય કશું જ નથી. મનની સ્ફુરણા અવિચારસિદ્ધ છે. પ્રમાદથી આત્મામાં જગત ભાસે છે. પ્રમાદ ત્યાગીને આત્મ વિચાર કરવાથી પોતાનાં શુદ્ધ સ્વરૂપની ઝાંખી થાય છે.'

આ સાંભળીને રાજા સર્વે કામનાઓથી રહિત નિષ્કામ થયો અને અંતઃપુરમાં જઇ એકાંતમાં સ્વસ્થ થઈને બેઠો.

થોડી જ વારમાં સુંદર વસ્ત્રાભૂષણથી સજ્જ થયેલી સેવિકાઓ હંમેશ મુજબ રાજાની સેવા કરવા આવી. તેમને

જોઈને રાજાએ કહ્યું:

'હે સ્ત્રીજનો ! જ્યાં હું જ નથી ત્યાં હવે તમારાથી શું પ્રયોજન ?' એમ કહીને રાજા પોતાના વિશુદ્ધ સ્વરૂપમાં મસ્ત થઈ નિશ્ચલ બની ગયો. સેવિકાઓ સમજી કે રાજા સાહેબ પાગલ થઇ ગયા લાગે છે. ત્યારે રાણીએ તેમને જણાવ્યું કે ચિંતા ન કરો. રાજાસાહેબ બિલકુલ સ્વસ્થ છે. તમે જાઓ.

થોડો કાળ વીત્યા બાદ રાજા સમાધિમાંથી જાગ્રત થયો અને આંખે આંસુ લાવી ખૂબ રડયો. કહેવા લાગ્યો કે:

'અહો ! હવે મારો અહંકાર ધોવાઇ ગયો. આ હાથી-ઘોડા, અનુચર-સેવકો, પુત્ર-કલત્ર મારાં નથી. જ્યાં શરીર જ મારું નથી ત્યાં સંબંધીઓ મારાં કયાંથી હોઇ શકે ? આ બધું મિથ્યા ભ્રમમાત્ર છે. પરંતુ હજી હું મને પોતાને યથાર્થ જાણી શકયો નથી કે હું કોણ છું. શા કારણે પક્ષીની જેમ આ શરીરના પાંજરામાં પુરાયો છું ? આ મનુષ્ય શરીરરૂપી ચિંતામણિ હાથ લાગ્યો પરંતુ મેં નાદાને એને વિષયભોગ રૂપી કીચડમાં વ્યર્થ નાખી દીધો. મારી કેવી મૂર્ખતા છે !

હે કલ્યાણી ! મારી અવસ્થા પેલા અતીત જેવી થઇ છે. એક અતીત નદીના કિનારે બેઠો હતો. નદીમાં પાણીના પરપોટા ઊઠી રહ્યા હતા. અતીતે એક પરપોટાને કહ્યું : 'હે પરપોટા ! તું મને એવો સ્નેહ કર કે તારો મારો શ્વાસ એક થઇ જાય.'

એટલામાં જ પેલો પરપોટો ફૂટીને પાણીમાં લીન થઈ ગયો. આ જોઇ અતીત પાગલની જેમ રૂદન કરવા લાગ્યો: 'હાય હાય ! મારો પરપોટો નષ્ટ થઇ ગયો ! એના વિના હું કેવી રીતે જીવીશ ?'

એની આ અવસ્થા જોઈને કોઇ વિદ્વાને તેને કહ્યું: 'અરે નાદાન ! પરપોટા માટે શું રડે છે ? પોતાની જાત ઉપર રૂદન કર કે તું પણ એ પરપોટાની જેમ એક શ્વાસ માત્રનો મહેમાન છે.'

હે ભદ્રે ! આ શરીર અને તેનાં સંબંધીઓ માત્ર પાણીના પરપોટા જેવાં છે. અકસ્માત ભેગાં થઈ જાય છે ને પાછા તૂટીફૂટીને વિયુક્ત થઇ જાય છે.'

રાણી : 'આવું જાણી ગયા છો તો શા માટે હવે શરીરાદિ સાથે સ્નેહ કરો છો ?'

રાજા : 'પિશાચની જેમ ચાહના મારા મનને વળગી છે, એવું કોણ છે કે જે મને આ ચાહનારૂપી પિશાચથી છોડાવે ?'

રાણી : 'ચાહના આપ કરો છો ને રક્ષણની અપેક્ષા બીજા પાસે રાખો છો ત્યારે બીજું કોણ તમારી રક્ષા કરે ? એક શ્વાસ માત્રમાં ચાહનાથી અચાહ થઇને પરમ મુક્ત થઇ શકો છો. પછી જે કંઇ છે તે સઘળું તમે જ છો. સર્વત્ર નિજસ્વરૂપનાં દર્શન થશે.

અહંકારરૂપ ચાહના જ આત્મદર્શનમાં એકમાત્ર અડચણ છે, પ્રતિબંધ છે. ચાહના કરનાર અહંકાર ઓગળ્યો કે પછી આપ જ આપ છો.

ખરું પૂછો તો ચાહના મનને લાગી છે. તમે એ મનને સત્તા આપનાર ચૈતન્ય સ્વરૂપ સાક્ષી આત્મા છો. ચાહના મનને વળગી છે, તમને નહિ. ચાહના મનને છોડે કે ન છોડે, મન ચાહનાની નિવૃત્તિ કરે કે ન કરે તેની આપને શું ચિંતા ? મનની ચિંતા કરો છો તો બીજાઓની ચિંતા કેમ

નથી કરતા ? દયા કરવી હોય તો બધા ઉપર કરવી ઘટે, માત્ર મન ઉપર શા માટે ?

હે રાજન્! 'ચાહના પિશાચની જેમ મનને વળગી છે' એવા વિચારથી મુક્ત થઇ જાઓ. સારાંશ એ કે પોતાને સ્વતઃ સર્વધર્મ સહિત મનવાણીના સ્ફુરણથી રહિત જાણો. માયા અને માયાનાં કાર્ય નામ રૂપ પ્રપંચને મનના સ્ફુરણ રૂપ જાણો તથા ચાહનાને અહંકારરૂપ જાણો. હે રાજન્! હવે આપ ભલે અતીત થાઓ.'

રાજા : 'હે સુમંગલે ! હવે અતીત અને ગૃહસ્થ થનાર જે અહંકાર હતો એ જ નથી રહ્યો, ભસ્મ થઇ ગયો. હવે કોણ અતીત થાય? છતાં મને અતીત થવાનું કહેતાં હો તો હું સ્વરૂપથી જ બંધ અને મોક્ષથી અતીત છું. હવે અતીત થવા માટે મુજ ચૈતન્યનો કોઈ યત્ન નથી. કેમકે બંધ-મોક્ષ રૂપ પ્રપંચ ભ્રમરૂપ સિદ્ધ થઇ ગયો. આ પ્રપંચને ભ્રમરૂપ સિદ્ધ કરવા માટે પોતાના સ્વરૂપ, સર્વના અધિષ્ઠાનરૂપ આત્માને જાણવો એટલું જ કર્તવ્ય છે. અન્ય કશુ જ કરવાપણું નથી. હે દેવી! મેં પોતાના સ્વરૂપને સમ્યક્ રીતે અવાંગમનસગોચર જાણ્યું છે તેથી હું સ્વતઃસિદ્ધ અતીત છું જ.'

રાણી : 'હે રાજન્! જો આપ ચૈતન્ય, મનવાણીના અવિષય હો તો મન-વાણીના વિષય કોણ છે?'

રાજા : 'હે રાણી! અસ્તિ, ભાતિ, પ્રિય રૂપ હું આત્મા જ મનવાણીનો વિષય છું અને મનવાણી રૂપ પણ હું જ છું અને અવિષય પણ હું જ છું. અર્થાત્ માયા અને માયાનું કાર્ય સર્વ નામરૂપ પ્રપંચ પણ હું છું. આથી વિશેષ શું કહું ?'

આમ કહીને રાજા મૌન થઇ ગયો ને વિષ્ણુનું ધ્યાન કરવા લાગ્યો. કેમકે પૂર્વકાળમાં તે વિષ્ણુનો ઉપાસક હતો. એકાગ્રચિત્તે આ રાજાની કથા સાંભળી રહેલ કિંકરને યમરાજ કહેવા લાગ્યા :

'હે કિંકર ! જેના ચિત્તમાંથી દ્વૈતની મલિનતા દૂર થઇ જાય છે તેની આ અવસ્થા છે.'

કિંકર : 'ભગવન્! મુજ તૃષાતુરને એ રાજાની અમૃતરૂપ કથા આગળ કહો. વિલંબ ન કરો. કેમ કે ગોવિંદ સિવાય બધું મિથ્યા છે. જ્યારે પ્રાણીઓને લેવા જાઉં છું ત્યારે ધન, સ્ત્રી, પુત્ર, પરિવાર, ઘર, માતા, પિતા, બંધુ-બાંધવો, સગાં-સ્નેહીઓ, શરીર સુદ્ધાં બધું ત્યાં જ રહી જાય છે. જીવ પોતાનાં સારાં નઠારાં કર્મો લઈને એકલો જ અહીં આવે છે ને એકલો જ પાછો જાય છે. માટે બધું મિથ્યા છે.'

યમરાજ : "હે કિંકર ! રાજાની કથા આગળ કહું છું, સાંભળ.

વ્યાપક વિષ્ણુ-આત્મા રાજાના અંતઃકરણમાં જ હતો રાજાના દૃઢ સંકલ્પે જ વિષ્ણુરૂપ ધારણ કરીને બહાર દર્શન આપ્યાં. વિષ્ણુએ કહ્યું :

'હે મારા સ્વરૂપ! તું મને કેમ કોઇ પ્રશ્ન કરતો નથી?'

રાજા : 'હે વિષ્ણુ! વાણી પ્રશ્ન કરે કે ન કરે તેથી મુજ ચૈતન્યમાં કોઇ હાનિલાભ થતો નથી. વાયુના છિદ્ર દ્વારા શબ્દ થાય કે ન થાય પરંતુ બંને અવસ્થામાં આકાશ સમ છે. પ્રશ્ન કરવાથી મને કંઇ પ્રાપ્ત કરવાનું નથી અને પ્રશ્ન ન કરવાથી મને કંઈ ગુમાવવાનું નથી. છતાં આપ કહો છો તેથી પૂછું છું કે તમે જ જ્યારે સર્વરૂપ હતા ત્યારે મને ઉપદેશ કેમ ન કર્યો કે 'સર્વ હું જ છું?'

વિષ્ણુ : 'તારા કષાય પરિપકવ થયા ન હતા, ચિત્તશુદ્ધિ થઈ ન હતી, અંતઃકરણના મળ દૂર થયા ન હતા. જેવી રીતે મલિન દર્પણમાં પોતાનું મુખ સ્પષ્ટ ન દેખાય તેવી રીતે તારું મનરૂપી દર્પણ મલિન હતું. તેમાં સમ્યક્ આત્મ-દર્શન ન થાય. હવે તું 'આપ સહિત સર્વ વિષ્ણુ છે' એ ભાવનારૂપી ભક્તિની રેલંછેલ કરીને શુદ્ધ થયો છે. આથી જ તેં પોતાને અસ્તિ, ભાતિ, પ્રિયરૂપ આત્મા જાણ્યો છે. હવે ખુદ તું જ વિષ્ણુ થયો છે.

વિષ્ણુ એટલે વ્યાપક. એ જ સત્ છે. પરિચ્છિન્ન વસ્તુ સત્ નથી હોતી. સત્ વસ્તુ જ જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય હોય છે, અસત્ વસ્તુ જ્ઞાનસ્વરૂપ નથી હોતી. જ્ઞાનસ્વરૂપ વસ્તુ જ આનંદસ્વરૂપ હોય છે, જડ વસ્તુ આનંદસ્વરૂપ નથી હોતી. આથી વ્યાપક જ્ઞાનસ્વરૂપ સચ્ચિદાનંદ વસ્તુનું નામ વિષ્ણુ છે. એ જ મારું સ્વરૂપ છે, એ જ તારું સ્વરૂપ છે અને એ જ કીટ, પતંગ, શ્વાન, સિંહ, સ્ત્રી, પુરુષ, અને સર્વ જગતનું સ્વરૂપ છે. જેણે પોતાના આ સમ્યક્ સ્વરૂપને જાણ્યું છે તે જ વિષ્ણુ છે.

હે રાજન્ ! શંખ, ચક્ર, ગદા, પદ્મ, મોરમુકુટાદિક લક્ષ્મી સહિત ચતુર્ભુજ દૃશ્યમાન આ મૂર્તિ તો માયા માત્ર છે અને પરિચ્છિન્ન વૈકુંઠનિવાસી છે. એ વ્યાપક સચ્ચિદાનંદ સ્વરૂપ નથી હોઈ શકતું. આ વાત પક્ષપાત રહિત મેં તને કહી છે. આ વિચારમાં કોઈની બડાઈ છોટાઈ નથી હોતી. જ્યાં પક્ષપાત હોય ત્યાં સમ્યક્ આત્મનિરૂપણ નથી થઈ શકતું.

રાજા : 'હે વિષ્ણુ ! શાસ્ત્રોમાં કહેવાયું છે કે બ્રહ્મા જગતનું સર્જન કરે છે, વિષ્ણુ જગતનું પાલન કરે છે અને

શિવ જગતનો સંહાર કરે છે. આપ સત્યવક્તા છો. માટે જે સત્ય હોય તે કહો.

વિષ્ણુ : 'હે રાજન્ ! જે સચ્ચિદાનંદ સર્વવ્યાપક અધિષ્ઠાનમાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવની દૃશ્યમાન મૂર્તિઓ ઉત્પન્ન થઈ થઈને લીન થઈ જાય છે એ પરમ તત્ત્વમાં જ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે, અન્ય કોઈથી નહિ. અને એ જ તમારો આત્મા છે. સર્વવ્યાપક સચ્ચિદા-નંદ આત્મ વસ્તુથી ભિન્ન જે કંઈ છે તે પરિચ્છિન્ન, અસત જડ, દુઃખરૂપ, અનાત્મ વસ્તુ છે. પરિચ્છિન્ન, અસત્ જડ, દુઃખરૂપ અનાત્માથી જગતની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય થઈ શકે નહિ.

જાદુગર પોતાની માયાજાળથી પદાર્થોની મિથ્યા, ભ્રમ-માત્ર પ્રતીતિ કરાવે છે. આ જાદુગરની કળાથી પ્રતીત થતા પદાર્થો અન્ય પદાર્થોની ઉત્પત્તિ, સ્થિતિ, લય ન કરી શકે પરંતુ જાદુગર તેવા અન્ય પદાર્થોની ઉત્પત્તિ, સ્થિતિ, લય કરી શકે. અથવા સ્વપ્નમાં સ્વપ્ન જગતની ઉત્પત્તિ, સ્થિતિ, લય સ્વપ્નદ્રષ્ટા જ કરી શકે. પરંતુ સ્વપ્નજગતના પદાર્થો સ્વપ્નજગતની ઉત્પત્તિ–સ્થિતિ–લય ન કરી શકે. આ જ પ્રમાણે સર્વવ્યાપક સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્મામાં જ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવાનું બની શકે. માયા-થી પ્રગટેલી બ્રહ્મા-વિષ્ણુ–શિવની માયિક આકૃતિથી માયિક જગતની ઉત્પત્તિ–સ્થિતિ–લય શકય ન બને.

હે રાજન્ ! જો તેં પોતાના સર્વવ્યાપક સચ્ચિદાનંદ સ્વરૂપને સમ્યક્ જાણ્યું હોય તો હવે નિઃસંગ થઈને ચિંતન કર કે મુજ ચૈતન્યમાં જ સર્વ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે. મુજ ચૈતન્યમાં જ સર્વ જગતની મર્યાદાઓ

અંતર્નિહિત છે, આ નામરૂપ દશ્યપ્રપંચનું અધિષ્ઠાન, માલિક હું ચૈતન્યસ્વરૂપ છું. મુજ ચૈતન્યથી જ આ જગતની ઉત્પત્તિ, પાલન અને સંહાર થાય છે. ૐ ૐ ૐ......

* * *

આ જ વેદાન્ત શાસ્ત્રનો ડિમડિમ ઘોષ છે અને આત્મજ્ઞાનીઓનો અનુભવ છે. જે મહાપુરુષને પોતાના સ્વરૂપનો યથાર્થ બોધ થયો છે તેઓ કોઈ શાસ્ત્રનો આશ્રય નથી લેતા. કેમ કે એવા તત્ત્વવેત્તા મહાત્માઓના અનુભવમાંથી જ શાસ્ત્રો બને છે. અનુભવ સત્ ચિત્ આનંદસ્વરૂપ આત્માનો હોય છે જ્યારે શાસ્ત્રો તો કેવળ પ્રમાણરૂપ જ હોય છે.

બીજાં શાસ્ત્રો કર્મકાંડ અને ઉપાસનાનાં પ્રતિપાદક છે જ્યારે વેદાંતશાસ્ત્ર જ્ઞાનકાંડનું પ્રતિપાદક છે. કર્મકાંડ અને ઉપાસનાકાંડ અંતઃકરણની મલિનતા અને ચંચળતાને દૂર કરવા માટે ઉપયોગી છે, જ્યારે જ્ઞાનકાંડ આવરણ ભંગ કરી પરિચ્છિન્ન જીવને વિરાટ શિવત્વનો બોધ કરાવે છે.

વાસણને અજવાળવું, ધોવું એ એક વાત છે અને એ શુદ્ધ સ્વચ્છ થયેલા વાસણમાં ખીર પકાવીને ખાવી ને તૃપ્તિનો અનુભવ કરવો એ જુદી જ વાત છે. એમાં જ એ વાસણનો પૂર્ણ સદુપયોગ થયો ગણાય.

કર્મ અને ઉપાસના દ્વારા અંતઃકરણને શુદ્ધ કરવું એ વાસણ અજવાળવા બરાબર છે. હવે તમે એ શુદ્ધ થયેલા અંતઃકરણમાં જ્ઞાનરૂપી ખીર પકાવીને ખાઓ, બ્રહ્માનંદથી પરમ તૃપ્ત થાઓ. જાગો, ઊઠો, હિંમત કરો અને આ જ જીવનમાં સાક્ષાત્કારનો અનુભવ કરો.

માત્ર એકવાર વાંચી જવાથી આ દિવ્ય અનુપમ વેદાંત-અમૃતનું હાર્દ નહિ સમજાય. માટે કોઇ તત્ત્વવેત્તા બ્રહ્મવેત્તા

મહાપુરુષના સાંનિધ્યમાં રહીને એનું અનુપાન કરો, પરમ મૌનનો અનુભવ કરો. લાગશે અઘરું, કંટાળો આવશે, કારણ કે આત્મવિચારનો અભ્યાસ નથી. આને વારંવાર વાંચશો, મનન કરશો તો બધાં જ પાપ નષ્ટ થતાં અજ્ઞાનની નિવૃત્તિ થશે ને પરમ જ્ઞાનની ઉપલબ્ધિ થશે. તેથી જ ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે :

'न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते । આ લોકમાં જ્ઞાન જેવું પવિત્ર બીજું કશું જ નથી.'

મને ખાત્રી છે કે તમે બાલશ્રોતા નથી. બાળકની આગળ સક્કરપારા અને સુવર્ણનો ટુકડો મૂકો. તરત સ્વાદ આવે એવા સક્કરપારાને બાળક વળગશે ને સુવર્ણનો ટુકડો જતો કરશે. સમજુ સુવર્ણનું મૂલ્ય જાણે છે ને સક્કરપારાનો મોહ રાખતો નથી.

તેમ આ ગ્રંથમાં સક્કરપારા જેવી વાતો નથી. ઠેર ઠેર પરમાત્મ-શાંતિ રૂપી સુવર્ણના મહા ખંડો રચેલા છે.

ૐ આનંદ ! ૐ આનંદ !! ૐ આનંદ !! *

☆ જ્ઞાનયોગના તણખા

* અંદરના અને બહારના શત્રુઓથી પરેશાન છો ? મન સદાય વ્યાકુળતા અનુભવે છે ? જરૂર ક્યાંક આપની ભૂલ થઈ રહી છે. કચરાના ઢગલા ઉપર બેઠા હો ને દુર્ગંધની ફરિયાદ કરો એ કેમ ચાલે ? દેહમાં અહંબુદ્ધિ કરો ને અપેક્ષા રાખો શાશ્વત સુખ, શાંતિ ને નિર્ભયતા–નિશ્ચિંતતાની, એ ક્યાંથી બને ?

પરિચ્છિન્ન અહંકાર એટલે દુઃખનું કારખાનું અહંકાર ચાહે શરીરનો હોય, મિત્રો ને સગાં-સંબંધીઓનો હોય, પૈસા ટકાનો હોય, શુભ કર્મનો હોય, દાતાપણાનો હોય, સુધારકનો હોય, સજ્જનપણાનો હોય, કોઈ પણ પરિચ્છિન્ન અહંકાર તમને સંસારની ભઠ્ઠીમાં લઈ જશે. તમે જો એ ભઠ્ઠીથી કંટાળ્યા હો, હૈયાની હોળીને ઓલવવા માગતા હો તો એ પરિચ્છિન્ન અહંકારને વ્યાપક ચૈતન્યમાં વિવેકરૂપી અગ્નિથી ઓગાળી નાખો. એ પરિચ્છિન્ન અહંકારને ઠેકાણે 'હું સાક્ષાત્ પરમાત્મા છું'' એ અહંકાર ગોઠવવાનો છે. આ કાર્ય રાતોરાત થઈ જશે એમ માનવાનું નથી. સતત એ માટે પુરુષાર્થ કરશો તો બાજી તમારા હાથમાં છે. એ પુરુષાર્થ એટલે જપ, તપ, યોગ, ભક્તિ, સેવા, આત્મ વિચાર.

* કોઈ આપણને કંઈ કહે ત્યારે આપણને ગમતું હોય તેટલું જ માનીએ છીએ. તો પછી આપણે જેટલું કહીએ તેટલું બધું જ બીજાઓએ માનવું જોઈએ એવો આગ્રહ શા માટે ? કોઈ ન માને તો ગુસ્સો શા માટે ? આપણે માત્ર સૂચન કરવું. કોઈને બળજબરીથી મનાવવાનો પ્રયાસ ન કરવો. આ પણ આનંદમાં રહેવાનો એક ઉપાય છે.

* જીવનનું લક્ષ્ય બરાબર સમજાયા પછી, તેને પ્રાપ્ત કરવાનો માર્ગ જાણ્યા પછી એનું સદા સ્મરણ થતું રહે, એમાં વૃત્તિનું જોડાણ થતું રહે એ જ જોવાનું છે. એ માટે કેવી જાતનાં પુસ્તકો સહાયક છે, કેવી જાતનાં પુસ્તકો હાનિકારક છે એનો વિવેક કરવો અત્યંત આવશ્યક છે. જેવો તેવો કુડો કચરો વાંચવો નહિ, મગજમાં બધું ભૂંસું ભરવું નહિ. ભૂંસું ભરવાની આદત હોય તો એ આદતને હવે તિલાંજલી આપો ભાઈ...ૐ...ૐ...ૐ...

कर सत्संग अभी से....

कर सत्संग अभी से प्यारे नहीं तो आखिर रोना है ।
अंत काल कोई काम न आवे, वृथा जगत रीझवाना है ॥

बड़े-बड़े तो गये मिजासी उनका कहाँ ठिकाना है ।
कर अबहु से कुछ तैयारी नहि तो फिर पछताना है ॥
कर सत्संग......

पड़ा रहेगा महल खजाना छोड़ त्रिया सुत जाना है ।
खिला पिला के देह बढ़ाया वो भी अगन जलाना है ॥
कर सत्संग......

विषय काच देखत ललचाया दौड़त पीछे पड़ना है ।
मिले असल आतम हीरा तो आप अपन पर हंसना है ॥
कर सत्संग...

माया मृगजल मिथ्या भासे उसे हंस छुड़वाना है ।
कर सेवा सत्गुरु की प्यारे उसे राह मिल जाना है ॥
कर सत्संग.......

કોઈ કોઈ જાને રે... ...

મેરા સત્ ચિત્ આનંદ રૂપ કોઈ કોઈ જાને રે.
દ્વૈત વચન કા મૈં હું સૃષ્ટા, મનવાણી કા મૈં હું દૃષ્ટા;
મૈં હું સાક્ષી રૂપ, કોઈ કોઈ જાને રે......
પંચ કોષ સે મૈં હું ન્યારા, તીન અવસ્થાઓં સે ભી ન્યારા;
અનુભવ સિદ્ધ અનૂપ, કોઈ કોઈ જાને રે.......
સૂર્ય ચંદ્ર મેં તેજ મેરા હૈ, અગ્નિ મેં ભી ઓજ મેરા હૈ;
મૈં હું અદ્વૈતસ્વરૂપ, કોઈ કોઈ જાને રે......
જન્મ મૃત્યુ મેરે ધર્મ નહીં હૈં, પાપ પુણ્ય કુછ કર્મ નહીં હૈ;
અજ નિર્લેપીરૂપ, કોઈ કોઈ જાને રે......
તીન લોકકા મૈં હું સ્વામી, ઘટ ઘટ વ્યાપક અંતર્યામી;
જ્યોં માલા મેં સૂત, કોઈ કોઈ જાને રે....
રાજેશ્વર નિજ રૂપ પહિચાનો જીવ બ્રહ્મમેં ભેદ ન જાનો;
તૂ હૈ બ્રહ્મસ્વરૂપ, કોઈ કોઈ જાને રે ...

* આપણું પ્રકાશન *

દિવ્ય જીવનકી ઓર	હિન્દી ૦-૬૦	અમી કટોરો	ગુજરાતી ૧-૫૦
સહજવાણી (૨-૪-૬)	,, ૨-૭૦	આતમરૂપ જગાવો	,, ૧-૫૦
સુખ દુઃખ સે પરે	,, ૧-૫૦	વ્યવહારમાં વેદાન્ત	,, ૨-૦૦
જાગો અપને આપ મેં	,, ૧-૨૫	સત્સંગ સુવાસ	,, ૨-૦૦
યોગલીલા	,, ૬-૫૦	નશાથી સાવધાન	,, ૦-૫૦
ફકીરી મૌત	,, ૧-૦૦	જીવનનું ટૉનિક	,, ૧-૨૫
યોગ અમૃત	,, ૨-૦૦	અમર દીપવલી	,, ૧-૫૦
નાનક કી ઝાંકી	,, ૨-૦૦	બ્રહ્મચર્યનો મહિમા	,, ૧-૫૦
નિર્ભય યોગ	,, ૦-૭૫	મંગલમય જીવન મૃત્યુ	,, ૦-૭૫
આત્મસાક્ષાત્કાર	,, ૨-૦૦	મોક્ષનું દ્વાર ગુરુ	,, ૦-૭૫
બ્રહ્મચર્ય ક્યા, ક્યોં કૈસે?	,, ૨-૦૦	મનને શીખામણ	,, ૧-૦૦
મહક મુસાફિર	,, ૧-૦૦	શ્રી ગુરુગીતા	,, ૨-૫૦
સંતવાણી	,, ૧-૨૫	સ્વાસ્થ્ય સમ્રાટ	,, ૧-૨૫

शिवोऽहम्–शिवोऽहम्

मनो बुद्धयहंकार चित्तानि नाहं
न च श्रोत्रजिह्वे न च घ्राण नेत्रे ।
न च व्योमभूमिर्न तेजो न वायुः
चिदानन्दरूपः शिवोऽहम् शिवोऽहम् ॥

न च प्राण संज्ञो न वै पंच वायुः
न वा सप्तधातुर्न वा पंचकोशः ।
न वाक्पाणिपादौ न चोपस्थपायुः
चिदानन्दरूपः शिवोऽहम् शिवोऽहम् ॥

न मे द्वेषरागौ न मे लोभमोहौ
मदो नैव मे नैव मात्सर्यभावः ।
न धर्मो न चार्थो न कामो न मोक्षः
चिदानंदरूपः शिवोऽहम् शिवोऽहम ॥

न पुण्यं न पापं न सौख्यं न दुःखम्
न मंत्रो न तीर्थं न वेदा न यज्ञाः ।
अहं भोजनं नैव भोज्यं न भोक्ता
चिदानन्दरूपः शिवोऽहम् शिवोऽहम ॥

न मे मृत्यु शंका न मे जातिभेदः
पिता नैव मे नैव माता न जन्मः ।
न बन्धुर्न मित्रं गुरुर्नैव शिष्यः
चिदानन्दरूपः शिवोऽहम शिवोऽहम ॥

अहं निर्विकल्पो निराकार रूपो
विभुर्व्याप्य सर्वत्र सर्वेन्द्रियाणाम् ।
सदा मे समत्वं न मुक्तिर्नबन्धः
चिदानन्दरूपः शिवोऽहम शिवोऽहम ॥